સુબોધ ગરબાવળી.


કિંમત રૂ. ૦-૨-૬.

સુબોધ ગરબાવળી.

રચનાર,

બાપાલાલ ભાઈશંકર ભટ્ટ.

હેડમાસ્તર, મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજ.



અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

ઇ. સ. ૧૯૦૦

કીમત અઢી આના.

અર્પણ પત્રિકા.

શાર્દૂલવિક્રીડિત છંદ.

છો દીવા રણછોડદાસ કુળમાં હે મિત્ર મારા મણી,
જ્ઞાતિના હિત કારણે હૃદયમાં રાખો સદા લાગણી;
દેખું દુર્લભ સભ્યતા, સુજનતા, શાંતિ અને સુમતિ,
માટે હું મણિલાલ શેઠ તમને અર્પું લઘુ આ કૃતિ.
લક્ષ્મીનો નથિ ગર્વ લેશ ઉરમાં, છે નમ્રતા નેનમાં,
રે'ણીમાં સુવિવેક, ટેક વચને, ને મિષ્ટતા વેણમાં;
રાખો નિત્ય ઉદાર વૃત્તિ ઉરમાં, ઇચ્છો સ્વદેશોન્નતિ,
માટે હું મણિલાલ શેઠ તમને અર્પું લઘુ આ કૃતિ.
વિદ્યા મંદિર બાંધતાં વળિ તમે વાંચન ગ્રહે ખોલતાં,
આપી દામ દમામ નામ ન કર્યો, બક્ષીસ બ્હોળી છતાં;
પોષો છો રહી ગુપ્ત રંકજનને સાદી સમી રીતથી,
માટે હું મણિલાલ શેઠ તમને અર્પું લઘુ આ કૃતિ.
ઉત્તેજી અબળાતણાં દિલ તમે વિદ્યા ભણી વાળિયાં,
આપી યોગ્ય ઇનામ બાળ બહુનાં છે હિત સંભાળિયાં;
એ રીતે પરમાર્થ કામ કરવા આયુષ્ય હોજો અતિ,
આશીર્વાદ સહિત મિત્ર તમને અર્પું લઘુ આ કૃતિ.

બા. ભા.

પ્રસ્તાવના.

મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં ઇનામના મેળાવડા વખતે કેટલીક ગરબીઓ રચી મેં છોડીઓ પાસે ગવરાવી. તે મારા કેટલાક મિત્રોને પસંદ પડી અને એવી વધારે ગરબીઓ રચેલી જોવાની તેમણે ઇચ્છા બતાવી. તે ઉપરથી આ **સુબોધ ગરબાવળી** મેં રચી છે.

સાધારણ રીતે ત્રણ હેતુ ધ્યાનમાં રાખીને મેં આ ગરબીઓ રચી છે. તે એકે (૧) ગોળ કુંડાળામાં ફરતાં ગાવાથી બાળકીઓ અને સ્ત્રીઓનાં શરીર અને અવયવોનું નિયમિત રીતે હાલવું ચાલવું થાય અને તેમને થોડી કસરત મળે; (૨) ગાનાર અને સાંભળનારની ઉંચી મનોવૃત્તિઓ તથા તેમનું નીતિ અને ભક્તિ તરફનું વલણ દૃઢ થાય અને (૩) તેમને એક ઉંચા પ્રકારનો આનંદ મળે. આ ત્રણ હેતુ કેટલે દરજ્જે પાર પડયા છે તે જોવાનું હું સુજ્ઞ વાંચનારને સોંપું છું.

આ નાની ગરબાવળીના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. પહેલા ભાગમાં નાની છોડીઓને ગાવા અને શીખામણ લેવા જેવી ગરબીઓ મૂકવામાં આવી છે; બીજા ભાગમાં સ્ત્રીઓને લાયક ગરબીઓ છે અને ત્રીજા ભાગમાં થોડીક કહાણીઓ અને આખ્યાન મૂકયાં છે.

ઘણીખરી ગરબીઓ ગોળ કુંડાળામાં ફરતાં ગાઇ શકાય એવી છે. આ ઠેકાણે મારે કહેવું જોઇએ કે જૂદા જૂદા

રાગ પસંદ કરવામાં મને બ્હેન **શારદા ગોપીલાલ** તથા બ્હેન **વસંતકુમારી ભીમરાવ** તરફથી સારી મદદ મળી છે.

સુજ્ઞ વાંચનાર તરફથી આ રચનામાં કંઇ ફેરફાર કે સુધારો વધારો કરવાની સૂચના મળશે તો તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે અને બીજી આવૃત્તિ છપાવતાં તે ઉપર લક્ષ આપવામાં આવશે.

અમદાવાદ.
ફાગણવદી ૫ } **બા. ભા.**

અનુક્રમણિકા.

ભાગ ત્રીજો.

આખ્યાન અને કહાણીઓ.

૭૪૮૦

સુબોધ ગરબાવળી.

ઇશ્વર પ્રાર્થના.*

લીલી લીમડીરે, લીલો નાગરવેલનો છોડ. એ રાગ.

પ્રથમ [1]પ્રણામીએરે અંતરજામી શ્રી અવિનાશ,
તારી કૃપા વડેરે સૌની સફળ થવાની આશ;
આખા વિશ્વમાંરે તુજ વિણ ખાલી નહિ કો ઠામ,
આદી, મધ્યનોરે વળી તું આખરનો વિશ્રામ. ૧
કોણ કળી શકેરે તારી અકળ ગતિ ભગવાન,
શક્તિ વિચારતાંરે ભૂલે ભલા ભલા પણ ભાન;
સૃષ્ટિ પેખીનેરે તોપણ નિશ્ચય એવો થાય,
બહુજ વિચારીનેરે રચના તેં કીધી જગરાય. ૨
ખૂણે ખોચરેરે તારી ખૂબી બહુ દેખાય,
આખા વિશ્વમાંરે તારી દૃષ્ટિ ઉંડી જાય;
રહીને વેગળોરે લે છે વિશ્વતણી સંભાળ,
પાળે પ્રેમથીરે સૌને જાણીને નિજ બાળ. ૩
આંખો આપીનેરે કીધા સૂર્ય શશિ દિન રાત,

---

* આ ગરબી ઈશ્વરપ્રાર્થના માટે છે. તે સઘળી છોડીઓ સીધી હારોમાં ઊભી રહીને સાથે ગાઇ શકેછે, તેમજ તે ગોળ કુંડાળામાં ફરીને તાળી સાથે પણ ગવાય છે તે બહુ લાંબી છે, પરંતુ તેને ટુંકાવી શકાયછે; જેમકે ઉપરની છ, સાત, કે આઠ કડીઓ ગાયા પછી એકદમ છેલ્લી બે કડીઓ ગાય તો તેથી બાધ આવતો નથી.

[1] પ્રણમીએ.

રંગ નવા નવારે પેખી થાય સહુ રળિયાત;
આકાશે કર્યાંરે અગણિત તારાનો ચળકાટ,
જાણે છાયછેરે રૂડા ચંદરવાથી રાત. ૪
સૂરજ ખેંચતોરે ખારા સાગરમાંથી નીર,
બહુ મીઠાં કરીરે વાદળ વહેંચે વહીને શીર;
પાથર પહાડમાંરે જંગલ, ખેતર ને વળી ખાડ,
પાણી પહોચતાંરે તેથી ઉગેરે તૃણ ને ઝાડ. ૫
વનની વેલીઓરે ફાલે બાગ બગીચે ફૂલ,
પૃથ્વી શોભતીરે જાણે પહેર્યાં છે પટકૂલ;
પાક નવા નવારે મીઠા મધુરા માણસ કાજ,
કીધા પ્રેમથારે જાણી નિજ બાળકની દાઝ. ૬
પ્રભુ તેં પુષ્પમાંરે કેવો મેલ્યો મીઠો વાસ,
નાજુક પલ્લવોરે કેવાં કોરી કીધાં ખાસ;
પૃથ્વીપેટમાં રે પાનાં, હીરા, માણેક થાય,
રૂડા રંગથીરે ક્યારે રંગ્યાં તેં જગરાય ! ૭
ધાતુ નવી નવી રે દાટી માટીમાં મહારાજ,
જાણ્યું જાગશેરે આગળ એનો હુકમ આજ;
કાળા કોયલારે જેની ખાણોમાં નહિ ખોટ,
તેના તાપથારે ચાલે સંચા, ગાડી, બોટ. ૮
વિદ્યુત તેં કરીરે જેથી કામ અલૌકિક થાય,
મેલ હજારથીરે પળમાં સંદેસા લઈ જાય;
દીવામાં વસીરે આપે અજવાળું મહા મૂલ,
ગાડી ચાલતીરે વિદ્યુતબળથી વેગ અતૂલ. ૯
જો મધમાખીએરે કીધાં મીણુ અને મધ સાર,
સાગર માછલીરે કરતી મોતી અપરંપાર;
ઝીણાં જંતુએરે બાંધ્યા મહાસાગરમાં બેટ,
પક્ષિ પ્રવાસીનેરે વળતી વસવા કીધા ભેટ. ૧૦

કીડો કારમોરે કરતો કોશેટામાં હીર,
રૂડા રંગનાંરે તેનાં ચતુરા પહેરે ચીર;
સીપો શંખલારે, તેના મચ્છ ઘડે છે ઘાટ,
પ્રભુ તેં શીખવ્યુંરે, આપ્યા કયી શાળામાં પાઠ? ૧૧
જો કણ એકથીરે સો કણ માટીના થઈ જાય,
તે કણ ખાઈનેરે માણસ પોષે છે નિજ કાય;
તે પણ આખરેરે પાછો માટી માંહી સમાય,
એમ ખનીજનાંરે તત્વો ઉદ્‌ભિજ, પ્રાણીજ થાય. ૧૨
વાયુ રૂપનુંરે પાણી થાય પ્રવાહિ જેમ,
ગરમી ખોઈનેરે થાશે બરફતણો ઘન તેમ;
એમ અસંખ્ય છેરે તેનો ગણતાં ના'વે પાર,
અકળ કળાથકીરે પ્રભુ તું કરતો લય વિસ્તાર. ૧૩
કયાં કૃતિ આપનીરે કયાં આ અલ્પમતિ ભગવાન,
કીડી શું કરેરે આખા મહાસાગરનું પાન;
શક્તિ વિચારીનેરે તારે શરણ થયાં઼ ઓ તાત,
અમને પ્રેરજેરે નીતિ ભક્તિમાં દિન રાત. ૧૪

ભાગ પહેલો.

(નાની છોકરીઓ માટે).

ગરબી. †

"મા પાવાતે ગઢથી ઉતર્યાં મા કાળી રે" એ રાગ.

આ પ્રભુએ આપી આંખ, સન્મુખ જોવાને,
તેં સાથે બુદ્ધિ વિચારની, દુખ ખોવાને.

---

† આ ગરબી બોલતી વખતે દરેક લીટીમાં શરીરના જે અવયવ વિષે વાત આવે તે અવયવ બંને હાથવડે બતાવવા. અને "તાળી પાડીને" આ શબ્દો આવે ત્યાંથી આરંભીને આગળ તાળ પ્રમાણે તાળીઓ પાડવી.

આ પ્રભુએ આપ્યા કાન, શાસ્ત્ર વચન સુણવા,
વળી પ્રભુએ આપ્યું મુખ, સુવાણી ઓચરવા.
આ પ્રભુએ આપ્યા હાથ, શુભ કામો કરવા,
વળી પ્રભુએ આપ્યા પાય, સુમારગ સંચરવા.
આ જે જે ચીજ જરૂરની, તે આપીને,
જગદીશ જુએ છે સર્વે, સઘળે વ્યાપીને.
તે માટે સખીઓ સર્વે, સાથ મળી રહીએ,
એ પ્રભુને લાગી પાય, તેના ગુણ ગાઇએ.
એ પ્રભુમાં આપણુ આજ, ચિત્ત લગાડીને,
ગુણ ગાઇએ શાણી બ્હેન, તાળી પાડીને.
પ્રભુ ન્યાયી ને વળી નેક સર્વતણો ત્રાતા,
એ જગતતણો માબાપ, સૌનો સુખદાતા.
સૌ સખીઓ પૂજો પ્રેમથી, એ છે પાસે,
પછી સુમતિ માગો બેન, તેથી સુખ થાશે.

ગરબી.× (ડ્રિલ માટે.)

"અચકો મચકો કારેલી" એ રાગ.

ચાલો ઉત્તરમાં મુખ કરીએરે, દક્ષિણને પાછળ ધરીએ.
આ પશ્ચિમ ડાબે પાસેરે, પૂર્વે દિશા જમણી જાશે.
હવે સીધાં ઉભાં રહીએરે, બીજી વાત પછી કહીએ.

×આ ગરબી બોલતી વખતે દરેક લીટીના અર્થ પ્રમાણે ફરવું તથા હાવભાવ કરવા. જેમકે પહેલી લીટી બોલતી વખતે ઉત્તર તરફ ફરવાનું છે. બીજી લીટી બોલતી વખતે ડાબે હાથે પશ્ચિમ દિશા બતાવવી અને જમણે હાથે પૂર્વે દિશા બતાવવી. પછી સીધાં ફરવું. અને મોં, આંખ અને કાન બતાવવા, ઇત્યાદ.

આ કા’વે મુખ અમારૂંરે, આંખ રચી જોવા સારૂ.
આ કાન કથા સાંભળવારે, પગ પૃથ્વી ઉપર ફરવા.
આ હાથવડે કંઇ આપોરે, દુર્બળનાં દુખડાં કાપો.
આ હાથે પુસ્તક ઝાલોરે, વાંચી શાસ્ત્ર વચન પાળો.
આ હાથે પંથ બતાવોરે, કોઇ અજાણ્યો જો આવ્યો.
આ કર જોડીને ઠરજોરે, પ્રાર્થના પ્રેમે કરજો.
મોટાંને દેખો પ્રીતેરે, બેન નમો રૂડી રીતે.
ફરી સજ્જનને શિર નામીરે, સર્વ ફરો સામાસામી.
સખીઓને ભેટો ભાવેરે, અવસર આવો નહિ આવે.
વળી સીધાં ફરીને બેસોરે, ક્યાં સુધી ઉભા રહીએ.
સૌ સાથે ઉભાં થઇએરે, કાલાંની કથની કહીએ.
અમે જેવું તેવું ભાખ્યુંરે, ડહાપણ નામ નથી દાખ્યું.
કંઇ ભૂલ પડી તો ભાખોરે, મોટાં મહેર સદા રાખો.

ગરબી.* (ડ્રીલ માટે).

રાગ ઉપર પ્રમાણે.

અમે સાચે સાચું કહીએરે, એજ અમારી છે રીતી;
અમે દુર્જનથી દુર રહીએરે, એમાં ન્યાય અને નીતિ.

---

* આ ગરબી ડ્રિલને માટે રચી છે, એક અથવા વધારે સીધી હારોમાં છોડીઓને ઉભી રાખવી અને તે હારોની વચ્ચે ત્રણ ત્રણ હાથનું અગર જરૂર જણાય તેટલું અંતર રાખવું. પછી આખી ગરબી છોડીઓ પાસે ગવરાવવી અને તાળ પ્રમાણે તેમને ત્રણ ડગલાં આગળ અને ત્રણ ડગલાં પાછળ ભરવાનું કહેવું જેમકે પહેલી લીટીના ત્રણ તાળ સાથે બધી છોડીઓએ આગળ ત્રણ ડગલાં ભરવાં અને ચોથે તાળે બે પગ જોડે કરવા. તેમજ બીજી લીટીના ત્રણ તાળ સાથે ત્રણ ડગલાં પાછળ ભરવાં અને ચોથે તાળે બે પગ જોડે કરવા.

અમે સંજનમાં જઇ વસીએરે, એ૦જ૦
અમે ખાંમી દેખી ખસીએરે, એમાં૦
દીનનું દુખ ટાળી ઠરશુંરે, એ૦જ૦
અમે પાપીને પરહરશુંરે, એમાં૦
અમે દુખીની વહારે ધાઇએરે, એ૦જ૦
નહિ લાલચમાં લેવાઇએરે, એમાં૦
અમે સત્યને કાજે મરીએરે, એ૦જ૦
અન્યાય થકી ઓસરીએરે, એમાં૦
અમે દુખમાં ધીરજ ધરીએરે, એ૦જ૦
અમે ડાઘ પડયાથી ડરીએરે, એમાં૦
અમે એક વચનથી રહીએરે, એ૦જ૦
અમે જાૂઠ ભણી નવ જઇએરે; એમાં૦

શીખામણ.

ગરબી.

સુણજો સાજનોરે—એ રાગ.

નિત્ય સવારે વહેલાં ઉઠી દાતણ પાણી કરીએજી;
તન મન શુદ્ધ કરીને પ્રેમે ધ્યાન પ્રભુનું ધરીએ.
શાણાં થઇએજી. ૧
માત પિતા કે બીજાં સાથે વાણી વિવેકે વદીએજી;
ગાળાગાળી કે અપશબ્દો ઓચરીએ નહિ કદીએ.
શાણાં—૨
ઘરમાં રહી ઘરધંધો કરીએ કે વિદ્યા કંઇ ભણીએજી;
શીવણ, ભરત અને ગુંથણનાં કામ કુશળ થઇ કરીએ.
શાણાં—૩

નિશાળે જાતાં નવ લાજો પુસ્તક પોથી ઝાલોજી;
શિક્ષકની શીખામણ માની તેજ પ્રમાણે ચાલો.

શાણું—૪

જુઠ વચન મુખથી નવ વદીએ, પરનિંદા નવ કરીએજી;
સૌ સાથે સંપીને રહીએ નમ્ર વચન ઓચરીએ.

શાણું—૫

એક ઘડી આળસ નવ કરીએ કામ રૂડાં કંઇ કરીએજી;
કૂડ કપટને કાઢી નાંખી પરમેશ્વરથી ડરીએ.

શાણું—૬

ગાંડાં થઈ ગુસ્સો નવ કરીએ શોક સદા પરહરીએજી;
જો કંઇ કષ્ટ થયું કાયામાં, ધીરજ મનમાં ધરીએ.

શાણું—૭

અદેખાઇને અળગી કરીને સૌનું સારૂં ચાહીએજી;
સાંજ સવારે નિર્મળ મનથી ગુણ પ્રભુના ગાઇએ.

શાણું—૮

સવૈયા.‡

(ચાલતાં ચાલતાં ગાવાને.)

ડાબો પગ ઉપાડો પહેલો, જમણો તેની આગળ થાય,
એવી રીતે ચાલો જાણે, સૌ સખીઓ વરઘોડે જાય.

---

‡ છોડીઓ સીધી હારોમાં ઉભી હોય ત્યાંથી તેઓ ગરબો ગાવા માટે ગોળ ઉપર જાય તે વખતે આ કવિતા સઘળી છોડીઓએ સાથે ગાવાની છે. અને ચાલતાં ચાલતાં સઘળી છોડીઓએ આ કવિતાના તાળ પ્રમાણે એકી વખતે સાથે પગલાં ભરવાં જોઇએ.

ચોખા ચ્હેરા રાખો સર્વે, ચોખાં વસ્ત્ર ધરો નિજ અંગ,
હસતે મુખડે હાલી ચાલી, શોભાવો શાળા નવરંગ.
શિક્ષકની શીખામણ માનો, જોજો ચૂક જરા નવ થાય,
ગાતાં ગાતાં ચાલો બ્હેનો, તાળ પ્રમાણે મૂકો પાય.
વખત વટયો ભણતર ભણવાનો, કસરત કેરો આ છે કાળ,
ચંચળ થઇ ચાલો ચિત્ત રાખી, ચાલતાં નવ ચૂકો તાળ.
તે સાથે શીખામણ સારી, હૃદય વિષે સહુ રાખો બાળ.
સાચાં થઇ રહેજો સહુ સાથે, મુખથકી નવ બોલો ગાળ.
મીઠી વાણુ વદો સહુ સખીઓ, કૂડ કપટને કાઢી દૂર;
સીધે રસ્તે સર્વ વિચરજો, ઇશ્વરનો ડર રાખી ઉર.
[1]પરમારથ પર રાખો પ્રીતિ, દીલ દયાનું રાખો જોર,
નિર્મળ મન નીતિથી શોભે, નમ્ર બની નવ રાખો તોર.
સૌ સારી સોબતમાં રહીને, ભણવા પાછળ રાખો ખંત,
આ લોકે પરલોકે બ્હેનો, એજ સદા સુખનો છે પંથ.

સખીઓને ગરબા માટે આમંત્રણ.

ગરબી.

મારા વાલાજી હો, હવે નહિ જાઉં મહી વેચવારે લોલ.

એ રાગ.

સર્વે સખીને તેડી આવજોરે લોલ, ગરબો રચીશું મારે ઘેર,
ભલા ભાવથીરે લોલ, સર્વે સખીને તેડી આવજોરે લોલ. ૧
વડી વિવેકી મારી માવડીરે લોલ, સખીઓ દેખીને સુખી થાય,
એવા તાત છેરે લોલ, સર્વે સખીને તેડી૦ ૨

---

૧ પરમાર્થ.

ગરબો ગમે છે મારી બેનનેરે લોલ, ભલો રાચે છે મારો ભ્રાત;
રૂડા રાગથીરે લોલ, સર્વે સખી૦ ૩
સગાં સંબંધી સર્વે મળ્યાંરે લોલ, ગરબો જોવાને ચિત્ત ચહાય;
વડી હોંસથીરે લોલ, સર્વે સખી૦ ૪
શરદપુનેમની શોભા ઘણીરે લોલ, ચંદની ખીલી છે ભલી ભાત;
શશી ઊજળોરે લોલ, સર્વે સખી૦ ૫
સોના સમું છે મારૂં આંગણુંરે લોલ, રૂપા સમી છે રૂડી રાત;
તેજ ઝગઝગેરે લોલ, સર્વે સખી૦ ૬
ગોખે ધરીશું બધે દીવડારે લોલ, વચ્ચે રચીશું દીપમાળ;
ચોડા ચોકમાંરે લોલ, સર્વે સખી૦ ૭
સાડીઓ પહેરાવું સખી સર્વેનેરે લોલ, મેવા જમાડું મારી બેન;
ભલા ભાવથીરે લોલ, સર્વે સખી૦ ૮
રૂડો દિવસ રળીઆમણોરે લોલ, આપ્યો પ્રભુએ મને આજ;
પુરા પ્રેમથીરે લોલ, સર્વે સખી૦ ૯
કેવી કૃપા છે જગદીશનીરે લોલ, ગાજી કરીશું તેનું ગાન;
રૂડા રાગથીરે લોલ, સર્વે સખી૦ ૧૦
ગરબે રમેછે સુઘડ નારીઓરે લોલ, દીપે છે દેવીઓ સમાન;
મુખ મલ્પતાંરે લોલ, સર્વે સખી૦ ૧૧
વાદળ વિંધીને સૂર નીસરેરે લોલ, લાજેછે કોયલ ને કીર;
રૂડા રાગથીરે લોલ, સર્વે સખી૦ ૧૨
ઝરણાંનો વેગ ગરૂઓ ઘણોરે લોલ, કલેશ ને કંકાસરૂપી મેલ;
કરે વેગળારે લોલ, સર્વે સખી૦ ૧૩
નીતિ ભક્તિ કેરી એતો છે નદીરે લોલ, મનુષ્યનાં હ્રદયને ધોઈ;
કરે ઉજળાંરે લોલ, સર્વે સખી૦ ૧૪
ગરબો આનંદકેરો છે ઝરોરે લોલ, પ્રભુમાં કરેછે ચકચૂર;
ભલા ભક્તનેરે લોલ, સર્વે સખી૦ ૧૫

ગરબો તો જ્ઞાનનો ભંડાર છે રે લોલ, સુખી કરીને લઇ જાય;
પછી સ્વર્ગમાંરે લોલ, સર્વે સખી૦ ૧૬

સદ્‌ગુણ વિષે.

ગરબી.

"સુરત શહેર બળ્યું તે અગ્નિજ્વાળમાં જો." એ રાગ.

સખી પહેરજો સદ્‌ગુણ રૂપી સાડીઓ જો,
જેમાં ધર્મ કેરી લહેર છે રૂપાળીઓ જો;
શોભે અંગ જાણે ખીલી રહી વાડીઓ જો,
સખી પહેરજો સદ્‌ગુણરૂપી સાડીઓ જો. ૧
બીજાં વસ્ત્ર ને આભૂષણો ઝાંખાં થશે જો,
કંઇક કાળ જતાં ફાટશે કે ગાસશે જો;
સાડી સદ્‌ગુણીનું તેજ વધતું જશે જો, સખી. ૨
હસી લોક બધા હેતથી બોલાવશે જો,
સારી મંડળીમાં માગ તે મુકાવશે જો;
આખા ભવની મુસાફરી સહેલી થશે જો. સખી. ૩
સ્ત્રી તો સદ્‌ગુણે જીતે છે પળ વારમાં જો,
અમર નામ કરે સદ્‌ગુણે સંસારમાં જો;
બેસે સીતા ને દમયંતિ કેરી હારમાં જો, સખી. ૪
સ્ત્રીએ સદ્‌ગુણે વશ કીધું આખા વિશ્વને જો,
રૂડું શસ્ત્ર છે સદ્‌ગુણ એ તો સ્ત્રી કને જો;
વિષમ કાર્ય અલ્પ કાળમાં એથી બને જો, સખી. ૫
નારી સદ્‌ગુણીની વાણી વશીકરણ છે જો,
મન શુદ્ધ એવું રત્નકેરી ખાણ છે જો;
મૂર્ખ લોક એના મૂલ્યથી અજાણ છે જો; સખી. ૬

નારી સદ્‌ગુણીને લોક બધા વંદશે જો,
એને દેખીનેજ દુષ્ટ તો હારી જશે જો;
એના દર્શનથી પાપીઓ પાવન થશે જો, સખી. ૭
નારી સદ્‌ગુણી જો જંગલ વિષે હશે જો,
એના પુણ્યના પ્રતાપે વન ખીલશે જો;
લીલા લહેર સાથે લક્ષ્મી જઇ ત્યાં વસે જો, સખી. ૮
ભલે સદ્‌ગુણી સતીને પ્રભુએ ઘડી જો,
જેના વાસથી શોભે છે રૂડી ઝુંપડી જો;
જાણે કુંદનમાં ચળકતી ચુની જડી જો, સખી. ૯
જેણે સદ્‌ગુણોને સહેજમાં વહેતા કર્યા જો,
તેણે દુઃખના ડુંગર શીરપર ધર્યા જો;
તેની આબરૂના થઇ ગયા છે કાંકરા જો, સખી. ૧૦
જેણે સદ્‌ગુણોની સહેજ અવગણના કરી જો,
તેણે સાપને મુખેજ આંગળી ધરી જો;
તે તો કીર્તિરૂપી પહાડ ઉપરથી પડી જો, સખી. ૧૧
કઇક સદ્‌ગુણ વિના તો શૂન્ય થઇ ગયાં જો,
તેનાં માન ને મરજાદ ટકી નવ રહ્યાં જો;
કઇક કાયકેરા કષ્ટથી કાયાં થયાં જો, સખી. ૧૨
રૂડા સદ્‌ગુણ વિનાનાં રૂપ ધૂળ છે જો,
એ તો ક્લેશ ને કંકાસ કેરાં મૂળ છે જો;
કષ્ટ આપવાનાં કારમાં ત્રિશૂળ છે જો. સખી. ૧૩
પહેરે વસ્ત્ર ને ઘરેણાં મહા મૂલનાં જો,
કઇકિ રાખે અભિમાન ઉંચ કુળનાં જો;
વિના સદ્‌ગુણ એ સાજ બધાં શૂળનાં જો, સખી. ૧૪
નથી ઉંચ કે ઘરેણું નથી અંગમાં જો,
નથી વસ્ત્ર કે શરીર રૂડા રંગમાં જો;

બની સદ્‌ગુણી રહો સદા ઉમંગમાં જો, સખી. ૧૫
સદા સદ્‌ગુણીને માનપાન સાંપડે જો,
નવ અડચણો આ વિશ્વમાં એકે નડે જો;
હોય દુશ્મનો તો હારીને હેઠા પડે જો, સખી. ૧૬
શાને વસ્ત્ર ને ઘરેણાં કાજે સોરીએ જો,
સર્વ છોડીને સદ્‌ગુણસાડી વહોરીએ જો;
રાખી ઈશમાં વિશ્વાસ મન દોરીએ જો. સખી. ૧૭

જૂઠ કપટ વિષે.

ગરબી.

"પ્રભુને ભજતાં રે વારે, તેને ઘાલે જમને બારે." એ રાગ.

કપટ ન કરીએ રે કદીએ,
જૂઠું વેણ જરા નવ વદીએ, કપટ ન કરીએ રે કદીએ. ૧
સૌ સજ્જનથી રે નોખાં,
જૂઠે જગમાં પડીએ ઝાંખાં, કપટ૦ ૨
જૂઠ કપટનો રે જોટો,
મોટા કહે "એ મારગ ખોટો," કપટ૦ ૩
જૂઠ કપટનું રે જાળું,
મનમાં પેસી કરે મુખ કાળું. કપટ૦ ૪
જૂઠ કપટનું રે સાથી,
પાપ બધાં પ્રગટે છે આથી. કપટ૦ ૫
મન કપટીનાં રે મેલાં,
પાપતણા પટથી રંગેલાં. કપટ૦ ૬
કપટી રાઢયો રે રોપે,
પાપ થકી પરમેશ્વર કોપે. કપટ૦ ૭

બાર કપટથી રે ખોશો,
કોઇ ન રાખે લેશ ભરોસો. કપટ૦ ૮
ભેદ પડાવે રે ભારે,
પ્રીય જનોમાં પેસે જ્યારે. કપટ૦ ૯
જો મતિ જૂઠે રે જોડી,
તેને કોઇ ન ધીરે કોડી. કપટ૦ ૧૦
કથની સાચી રે કહેવી,
જેવી કાને સુણીએ તેવી. કપટ૦ ૧૧
જો કદી જૂઠી રે જાણી,
કહીએ જેવી મનથી માની. કપટ૦ ૧૨

અદેખાઇ વિષે.

વાંસલડી વાગીને હું તો જાગી. એ રાગ.

બ્હેનો તમે કરજો અદેખાઈ અળગી,
અરે વણ આગે રખે જાઓ સળગી. બ્હેનો તમે કરજો૦
અદેખાની આંખો સદા રહે બળતી,
અદેખાની છાતી સદાય પ્રજળતી;
અદેખાને પળ પણ કળ નથી પડતી. બ્હેનો તમે૦
અદેખાને પોતાનું દુઃખ પ્રજાળે,
અદેખાને બીજાતણું સુખ બાળે;
અદેખાને શાંતિ નથી કોઇ કાળે. બ્હેનો તમે૦
અદેખાંની આંખ ફરે જે પ્રદેશે,
સાથીઓમાં સુખ જુએ નહીં લેશે;
ખરેખર ત્યારેજ તે ઠરી બેસે. બ્હેનો તમે૦
બીજા અવગુણ ફળે બહુ દહાડે,
અદેખાઇ થાતાંજ દીલ દઝાડે;

અદેખાને તર્તજ શિક્ષા એ ભારે. બ્હેનો તમે૦
અદેખો તો અન્યને પીડવા માટે,
અરે પોતે દુઃખ ખમે સુખ સાટે;
ખરે અદેખાઇથી કોઇ ન ખાટે. બ્હેનો તમે૦
અદેખો તો લોકમાં અપજશ લેશે,
અદેખાને કોઈ ભલો નવ કહેશે;
અદેખાને ઈશ્વર પણ દંડ દેશે. બ્હેનો તમે૦
કદી નિજ સાથી થયા બહુ આગળા,
તેને કેમ કરવાને ઇચ્છોછો નબળા;
તમે કરી ઉદ્યમને થાઓ જબરા. બ્હેનો તમે૦
પડોશી જો તાજો હશે તન ધનમાં,
આપણને એ સહાય કરે અડચણમાં;
અદેખાએ અહોનિશ લાવવું મનમાં. બ્હેનો તમે૦

ધીરજ વિષે.

ગરબી.

"ગરો ચતુર પેલો ટોપીવાળો." એ રાગ.

સાહેલી સહુ ધીરજ ધરજો, કષ્ટ કદી કંઇ આવે રે;
સંકટમાં પ્રભુ સાહ્ય કરીને, સુખનો અવસર લાવે રે.
સાહેલી. ૧
ભવસાગરને મારગ જાતાં, સહુને સંકટ આવે રે;
ધીરજ રૂપી નાવ મળે તો, પાર ઉતરતાં ફાવે રે. સાહેલી. ૨
કઇને આધી કઇને વ્યાધી, કઇને કંઇક ઉપાધી રે;
જન્મીને જગમાંથી ન ગયું, કોઈ સદા સુખ સાધી રે.
સાહેલી. ૩
જો સીતા દમયંતિ સતીએ, દુઃખમાં ધીરજ ધારી રે;

આગળ જાતાં સંકટમાંથી, પ્રભુએ પાર ઉતારી રે. સાહેલી. ૪
ધરથી જો ધીરજ ઉર ધરશો, અડચણ આઘી જાશે રે;
પ્હાડસમું સંકટ તે પળમાં, ફુલ બરાબર થાશે રે. સાહેલી. ૫
જ્યાં ધીરજ ત્યાં શાંતિ આવી, બુદ્ધિ નિર્મળ રાખે રે;
ભય તરવાનાં સાધન સઘળાં, નિષ્ફળ ધીરજ પાખે રે.
સાહેલી. ૬
જગમાં જેણે ધીરજ મૂકી, સંકટ તેને સામું રે:
બળ બુદ્ધી ને ડહાપણ તેનું, પડશે સર્વ નકામું રે, સાહેલી. ૭
ધીરજ ખોતાં પાસ પડેલાં, શસ્ત્રો કામ ન આવે રે;
ધીરજ પોતે દૂર પડેલાં, સાધન પાસે લાવે રે. સાહેલી. ૮

ઈશ્વરમાં પ્રેમ રાખવા વિષે.

ગરબી.

સારૂં સારૂં રે સુરત શહેર મુંબઈ અલબેલી. એ રાગ.

સૌ રાખો પ્રભુમાં પ્રેમ, એ છે સુખદાતા;
શરણાગત વત્સલ તાત, સૌનો એ ત્રાતા.
રાજાઓનો એ છે રાજા, રંકતણો રખવાળ રે;
વિશ્વે વ્યાપી રાજ ચલાવે, લે સૌની સંભાળ. એ છે સુખ૦
ભોળાનો એ ભવજળ તારણ, કપટીને શીર કાળ રે;
પાપ પુણ્યનો પારખનારો, પ્રજાપાળ ભૂપાળ. એ છે સુખ૦
ભક્તિભાવ ભીતરનો પેખી, થાય ઘણો તુસ્યમાન રે;
ઉંચ નીચ નથી એની દૃષ્ટે, સર્વે એક સમાન. એ છે૦.
દંભીજનનો દંભ પીછાણે, ઠગથી તે ન ઠગાય રે;
વિશ્વેશ્વર વાળ્યો નથી જાતો, નિર્મળ એનો ન્યાય. એ છે૦
દુર્જન કો દેખે નહિ એને, પાપ પંથમાં ધાય રે;

અવળું ફળ આખર પામીને, પાછળથી પસ્તાય. એ છે૦
સત્યતણો સાથી છે સમજો, અબળતણો આધાર રે;
દીન સેવકનું દુખડું દેખી, તુરત કરે છે વહાર. એ છે૦
અકળ કળા એની છે એવી, કોઇ ન પામે પાર રે;
શુભાશુભ સૌ કર્મતણાં ફળ, પામે છે નિર્ધાર. એ છે૦
માટે સૌ સખીઓ શિર નામી, પ્રભુમાં રાખો પ્રેમ રે;
નીતિ ભક્તિમાં નિત્ય રહો તો, રક્ષક કરશે રહેમ. એ છે૦

નીતિ અને ભક્તિ વિષે.

ગરબી.

"ક્યાં ગયોરે પેલો મોરલીવાળો" એ રાગ.

જે ભણીઆ ભક્તિ ને નીતિ, જગત વિષે તે જીત્યારે;
ભવસાગરની પાર ઉતરીઆ, દુખતણા દિન વીત્યારે.
જે ભણીઆ ભક્તિ ને નીતિ. ૧
પાવરધા પંડીત બન્યા પણ, ભક્તિથી નથી ભીજ્યારે;
તે સૌ મીઠો ભાત તજીને, કુશકીથી મન રીઝયારે. જે૦ ૨
શાસ્ત્ર બધાંનું મથન કરીને, માંખણ એ ઉતાર્યુંરે;
નીતિ ભજનના જેવું બીજું, કશું નથી અહીં સારૂંરે. જે. ૩
ભાગ્યવાન કો ભક્ત હશે તે, ચઢશે નીતિનાવેરે;
ભવસાગર ખેડીને અંતે, પ્રભુની પાસે આવેરે. જે. ૪
જે ભક્તિના રસમાં ડૂબ્યો, પ્રભુ પાસે તે ઉભોરે;
નિર્ભય થઇ નાચે આનંદે, સૂબાનો પણ સૂબોરે. જે. ૫
બ્રહ્મા વિશ્નુ રૂદ્ર કહો તે, સર્વે છે પ્રભુ પોતેરે;
જૂદાં જૂદાં નામ ભણો પણ, એ તો એનો એ છેરે. જે. ૬
વાદવિવાદ તજી વહાલાને, ભ્રાત ભજો સૌ ભાવેરે;

આડાં ઉભાં બીજ પડે પણ, કરશણ ઉપર આવેરે. જે. ૭
નીચ ઉંચ નબળો કે સબળો, જો ભક્તિમાં ભાર્યોરે;
આ સંસાર વિષે તે સૌથી, સારામાં પણ સારોરે. જે. ૮
નીતિ ને ભક્તિનાં સુખતો, વિરલા સુજ્ઞ પિછાણેરે;
તે સઘળા સંસારી વૈભવ, તરણા તુલ્ય પ્રમાણેરે. જે. ૯

ઈશ્વરનું રાજ્ય.

ઈતિહાસનો સાર.

"રઘુપતિ રામનું લેને શરણું રે." એ રાગ.

પ્રભુ તારા રાજ્યની બલિહારી રે;
કેવી રચના રચી છે તેં સારી. પ્રભુ તારા.
તું તો રાયતણો રાય કહાવે રે,
આખાં વિશ્વનું રાજ ચલાવે રે;
તારી, સામે ન દુશ્મન ફાવે. પ્રભુ તારા.
આવી જગમાં જે જન્મ સુધારે રે,
તારી ઇચ્છાતણે અનુસારે રે;
તેને પળમાં તું પાર ઉતારે. પ્રભુ તારા.
રાય રાંક કે મંડળ આખાં રે,
જેણે સદ્‌ગુણ ફળ નથી ચાખ્યાં રે;
લોભે પકડીને ખાડમાં નાંખ્યાં. પ્રભુ તારા.
હતા ગ્રીક ને રોમન કેવા રે,
વાધ્યા જ્યાં લગી સદ્‌ગુણ સેવ્યા રે;
લોભ લાગે પડ્યા પાન જેવા. પ્રભુ તારા.
હવે આર્ય જુઓ ઇતિહાસે રે,
જન જ્યાં લગી ધર્મ ઉપાસે રે;

સુખ ભૂમિમાં ત્યાં લગી ભાસે. પ્રભુ તારા.
પહેલાં આર્ય પ્રમાણિક કેવા રે,
જેમાં રાય થતા રામ જેવા રે;
જેણે જન્મ ધર્યો સુખ દેવા. પ્રભુ તારા.
પછી પાંડવ કેવા પ્રતાપી રે,
આખું વિશ્વ વખાણે અદ્યાપી રે;
નાંખ્યું કૌરવકૂળ ઉથાપી. પ્રભુ તારા.
કથા આગળ આપણી કહીએ રે,
પુણ્ય પાપથી સુખ દુખ સહીએ રે;
માટે ધર્મ ધરી સુખી રહીએ. પ્રભુ તારા.
થયા આર્ય વિલક્ષણ જ્યારે રે,
ધર્મ ભ્રષ્ટ બની વર્ણ ચારે રે;
દુઃખ દેશીને પડીયાં તે વારે. પ્રભુ તારા.
થયા રજપૂત રાય કુસંપી રે,
આર્ય બાંધવ બેઠા ન જંપી રે;
ત્યારે આર્ય ભૂમિ ઉઠી કંપી. પ્રભુ તારા.
પછી બેગ મુસલમાને પાડી રે,
હીંદ ખીલતી વાડી બગાડી રે;
ત્યારે અકબર આવ્યો અગાડ. પ્રભુ તારા.
જેની રાજનીતિ બહુ સારી રે,
વાઘ બકરીને નવ શકે મારી રે;
આર્ય ભૂમને અકબરે તારી. પ્રભુ તારા.
ગણ્યા હિંદુ મુસલમાન હારે રે,
તેથી ભેદ પડ્યો નહિ ભારે રે;
કેવું રાજ્યતણું બળ ત્યારે. પ્રભુ તારા.
હતા રજપૂત રાય પ્રતાપી રે,

તેને સરદાર પદવીએ સ્થાપી રે;
નાંખ્યો કલેશ કુસંપને કાપી. પ્રભુ તારા.
ત્યારે આશીષ કીર્તિ એ પામ્યો રે,
આખા હિંદ વિષે જશ જામ્યો રે;
સુખ પામીને સ્વર્ગે વિરામ્યો. પ્રભુ તારા.
તેના વંશજ બે થયા સારા રે,
આવ્યા જહાંગીર શાહજહાંના વારા રે;
તેમાં અકબરના રહ્યા ધારા. પ્રભુ તારા.
પછી ઔરંગજેબના દહાડા રે,
જુદા હિંદુ મુસલમાન પાડ્યા રે;
એણે સુતેલા સિંહ જગાડ્યા. પ્રભુ તારા.
પાકો અકબરે નાંખ્યો જે પાયો રે,
તેને ખોદવાને ધીર ધાયો રે;
તેણે અળાઝ લીધા ઉપાયો. પ્રભુ તારા.
જોકે જાતે હતો બહુ શૂરો રે,
બધી વાતમાં પાકો ને પૂરો રે;
તોય રાજનીતિમાં અધૂરો. પ્રભુ તારા.
ત્યારે ઉત્તરમાં શીખ જાગ્યા રે,
મધ્યે રજપૂત ઉડવા લાગ્યા રે;
છેડે ડંકા શીવાજીના વાગ્યા. પ્રભુ તારા.
તેણે મોગલ સત્તા ઉથાપી રે,
દીશ દક્ષીણને હામ આપી રે;
મોટી ગાદી મરાઠાની સ્થાપી. પ્રભુ તારા.
પેશવાએ પછી નામ કાઢ્યાં રે,
મૂળ મોગલ કેરાં ઉખાડ્યાં રે;
નૃત્ર રૈયતનાં લાડ પાળ્યાં. પ્રભુ તારા.

ત્યારે ઇંગ્લીશ આખરે આવ્યા રે,
બધી ટોપીમાં એ લોક ફાવ્યા રે;
દુખી દેશીએ પુષ્પે વધાવ્યા. પ્રભુ તારા.
જાનમાલનું રક્ષણ કીધું રે,
ન્યાય આપી અને માન લીધું રે;
પછી વિદ્યાતણું દાન દીધું. પ્રભુ તારા.
એની રાજનીતિ બહુ સીધી રે,
તેથી ભર્તભૂમિ વશ કીધી રે;
આર્ય લોકની આશિષ લીધી. પ્રભુ તારા.

મહારાણી વિકટોરીઆ.

"ગાજેરે વનમાં ગાજે મેહુલો." એ રાગ.

બહુ જીવો મહારાણી વિકટોરીઆ;
જેની કીર્તિ જગ સઘળામાં વ્યાપી જો. બહુ જીવો. ૧
જીતીને પાળી જય વર્તાવીઆ;
શાંતિનાં સુખ સર્વ પ્રજાને આપી જો. બહુ જીવો. ૨
ચાંદો ને સુરજ આથમતા નથી;
એવો એના રાજતણો વિસ્તાર જો. બહુ જીવો. ૩
ધરતી ને દરીઆમાં બળ દાખવ્યાં;
બહુ બેટોમાં એની ફરતી આણ જો. બહુ જીવો. ૪
રાજા ને રાણાઓ એને નમે;
મનમાં તોપણ તોર નથી તલભાર જો. બહુ જીવો. ૫
નાનાં ને મોટાં છે દૃષ્ટિ તળે;
સહુને સરખો નિર્મળ આપે ન્યાય જો. બહુ જીવો. ૬
છૈયાં ને છોકરની વાડી વડી;
તેમાં શોભે માતા વૃદ્ધ વિશેષ જો. બહુ જીવો. ૭

માતા ને મંડળ સહુ સુખમાં રહો;
સૌ જન આપો ઉરથી એ આશીષ જો. બહુ જીવો. ૯

પ્રાર્થના.

પદ.[1]

પ્રભુજી ભવસાગરથી તારો,
ભવસાગરથી તારો, પ્રભુજી ભવસાગરથી તારો.
પળ પળ પાપ કરી પસ્તાઇએ, એજ સ્વભાવ અમારો. પ્રભુજી૦
અલ્પ અમોને કંઇએ ન સૂઝે, ઉગરવાનો આરો. પ્રભુજી૦
અધમ ઓધારણ છો અવિનાશી, ભારે ભરોસો તમારો પ્રભુજી૦
સબળી સહાય જો હોય તમારી, તો કંઇ થાય સુધારો. પ્રભુજી૦
અબળાજનની અરજ સુણીને, પ્રભુજી પાર ઉતારો. પ્રભુજી૦

પદ.

પ્રભુ હો, જીવનાંમૃત હો, તુજ વિણુ ત્રાતા કયો ?
તુજ વિણુ ત્રાતા કયો, પ્રભુ હો તુજ વિણુ ત્રાત. કયો !
ધ્યાન, દાન વ્રત હો મેં કદી કીધાં, તોપણુ મેલ રહ્યો;
ઇંદ્રિય, મન અધ સાથ અફાળે, ક્લેશ ન જાય સહ્યો. પ્રભુ હો૦
ભક્તિતણો રસ મુજ ઉર પ્રેરો, હૃદયે પ્રભુજી રહો;
કઠણુ હૃદય કોમળ થઇ જાશે, ભક્તિમાં ભાવ રહ્યો. પ્રભુ હો૦
જગ સુખ સર્વ અનુભવી જોયાં, જીવ ન તૃપ્ત થયો;
શાંતિ સહુ તુજ ભક્તિમાં ભાસી, સુખસમુદ્ર વહ્યો. પ્રભુ હો૦
ભક્તિ વિના પ્રભુ કંઇએ ન જાચું, ભક્તિમાં સ્વાદ લહ્યો;
દુઃખ બધાં દુનિયાથકી ચાલ્યાં, આનંદ ઉર થયો. પ્રભુ હો૦

---

૧ આ પદમાં પહેલું ચરણુ બે વાર બોલવાનું છે. તે તે મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં ગવાય છે.

ભાગ બીજો.

(સ્ત્રીઓ માટે.)

સ્ત્રીઓને શિખામણ.

ગરબી.

"સુણજો સાજનોરે" એ રાગ.

સાસરીઆમાં સૌની સાથે, નમ્ર વચન ઓચરીએજી;
સાસુ ને સસરાની સેવા, માતપિતા ગણીં કરીએ.
શાણાં થઇએજી. ૧
કહેતા પહેલાં કામ કરીને, સૌને વહાલાં થઇએજી;
અણ બોલાવ્યાં કે વણકામે, પરઘર કો દીં ન જઇએ. શાણાં. ૨
સાદાં તોપણ ધોઇ ધોઇને, ઉજ્વળ વસ્ત્રો ધરીએજી;
કાયાને જન આંખે એવાં, ઝીણાં પટ પરહરીએ. શાણાં. ૩
પગની પાનીથી બહુ ઉંચી, સાડી અંગ ન ધરીએજી;
અન્ય જુએ નિજ અંગ ઘરેણાં, એવો યત્ન ન કરીએ. શાણાં. ૪
વય સંપત્તિ પ્રસંગ પ્રમાણે, સાદાં થઇને ફરીએજી;
વિદ્યા, વય, વપુ, ધન કે કૂળનો, મદ, મત્સર પરહરીએ. શાણાં. ૫
કુચ્છિત વેણ કદી નવ વદીએ, ખડખડ કો દીં ન હસીએજી;
મંદ હાસ્ય મીઠી વાણીથી, સૌના મનમાં વસીએ. શાણાં. ૬
મોટાં આગળ માઝા મેલી, બહુ બકબક નવ કરીએજી;
જેની સાથે નિશદિન રહેવું, તેશું રોષ ન ધરીએ. શાણાં. ૭
નિર્લજ નીચતણી સોબતમાં, એક ઘડી નવ રહીએજી;
ધર્માચરણ કરતાં કદીએ, કષ્ટ પડે તો સહીએ. શાણાં. ૮

ફુઅડ વિષે.

ગરબી.

વાંસલડી વાગીને હું તો જાગી.—એ રાગ.

સાહેલી ફુઅડતણા ગુણ ગાઇએ,
સખી ચેતી ચાલો તો સુઘડ ગણાઇએ;
સાહેલી ફુઅડતણા ગુણ ગાઇએ.
ફુઅડ દિન પહોર ચઢ્યે પોઢી ઉઠે,
ઉઠે તેવી બાળકપર બહુ રૂઠે;
ઘસે કાળી કલ્લાસમી કેશ છૂટે. સાહેલી. ૧
ફુઅડબાનાં મંદિર કેવાં રૂપાળાં,
નીચે બહુ પૂંજો ને ઉપર જાળાં;
કલેડે તો વીસ ગ્રંહણ વહી ચાલ્યાં. સાહેલી. ૨
ફુઅડબાનાં. વાસણપર કાટ કાળા,
ફુઅડબાના ગોળે વળ્યા ઓઘરાળા;
ફુઅડબાએ પાણીમાં પોરાને પાળ્યા. સાહેલી. ૩
ફુઅડબાનાં વસ્ત્ર જુઓ બહુ મેલાં,
ફુઅડબાનાં બાળક તે પણ ઘેલાં;
ફુઅડબાની કોઠીમાં ધાન્ય સડેલાં. સાહેલી ૪
ફુઅડબાનાં રાંધ્યામાં આવે છે રેતી,
ફુઅડબાની લોકમાં થાય ફજેતી;
તથાપિ તે મનમાં જરા નથી લેતી. સાહેલી. ૫
ફુઅડબા તો ઘરમાંથી બહાર પધાર્યાં,
ઘરેણાંથી અંગ બધાં શણગાર્યાં;
ફુઅડબાએ આંખોમાં કાજળ સાર્યાં. સાહેલી. ૬
ફુઅડબાને મેશ વિના કયમ ચાલે,

જુઓ કાળા ડાઘ પડ્યા છે બે ગાલે;
વળી શેર કંકુ લપયડ્યું છે ભાલે. સાહેલી. ૭
ફુઅડબાનાં રસ્તે જતાં ચીર ફાટે,
શ્વાનો આવી ઘંટી ને ગોરસ ચાટે;
ફુઅડબાનું મુખ બર્યું છે ઉચાટે. સાહેલી. ૮

સુઘડ સતી વિષે.

ગરબી.

"શામરંગ સમિપે ન જાવું, મારે આજ પછી શામ રંગ સમિપે ન જાવું." એ રાગ.

ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ,
સંસાર વિષે ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ;
સર્વંશા સુખી છે સતિનો પતિ;
સંસાર વિષે ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ. (ટેક).
બળ્યો જળ્યો આવે કદી બહાર કે બજારથી,
પ્રેમથી મળીને પીડા ટાળતી; સંસાર વિષે ધન્ય. ૧
ક્રોધ ને કંકાસ હરે સ્વામીના ઉલ્લાસથી;
મધૂરી વાણીને મંદ હાસ્યથી, સંસાર વિષે. ૨
સ્વામીને દે સુખ આપે સંતતિને સુમતિ,
મંદિર સુધારે ખરી ખંતથી. સંસાર વિષે. ૩
મહેલ તે મશાણુ જેવા શૂન્ય જેમાં સ્ત્રી નથી,
ધન્ય રૂડી ઝુંપડી જ્યાં છે સતિ; સંસાર વિષે. ૪
લીંપીગુંપી વાળી ઝાડી સ્વચ્છ રાખે આંગણું,
માંહેથી છે મંદિર સોહામણું; સંસાર વિષે. ૫
કસર કરીને ઘર સ્વામીનું નીભાવતી,

રાંધીને જમાડે ભલા ભાવથી, સંસાર વિષે. ૬
[1]અતિથી આવે તો કદી [2]વિમુખ જતો નથી,
જમાડી જમે છે સહુને સતિ; સંસાર વિષે. ૭
સાચવે વિવેક ઘેર નામ ન્યૂનતા નથી,
સર્વદા સુકાળ છે સંતોષથી; સંસાર વિષે. ૮
સદ્‌ગુણધરેણે રૂડી સાધ્વી છે શોભતી,
પૂર્ણ પતિવ્રત થકી ઓપતી; સંસાર વિષે. ૯
નમ્રતા વિવેક સુલાવણ્યતા થકી ભરી,
પ્રભુએ બનાવી પ્રેમી પૂતળી; સંસાર વિષે. ૧૦
પતિને તો પ્રભુના સમાન ગણી પૂજતી,
કંથનો કભાવ જોઈ ધ્રૂજતી; સંસાર વિષે. ૧૧
સાસરામાં સર્વને સુસ્નેહથી બોલાવતી,
પારકાં પોતીકાં કરી સ્થાપતી; સંસાર વિષે. ૧૨

હલકું મન.

ગરબી.

મારી ભરતભૂમિ રૂપાળી રહીઆની પશાળી સુશીલ પુનિત. એ રાગ.

આ જગત વિષે મન જેનાં મોટાં તે મોટા જાણવા;
મન પેખીને ઉંચ નીચ માણસને તુર્ત પિછાણવા.
ઉંચા કૂળમાં અવતાર ધર્યો, બહુ વૈભવનો વિસ્તાર કર્યો;
પરમાર્થ નથી ઉરમાં ઉતર્યો, આ જગત વિષે. ૧
ધન ધાન્યતણો ભંડાર ભર્યો, નથી તોપણ પર ઉપકાર કર્યો;
જનને ધિક્ જન્મ ધર્યો ન ધર્યો, આ જગત વિષે. ૨
અભિમાનતણા ઉરમાં ઉભરા, બહુ સ્વાર્થ પરાયણ યત્ન કર્યા;

---

૧ અતિથી એટલે પરોણો. ૨. વિમુખ=ભૂખ્યો, જમ્યાવિના.

પણ દેશદાઝ ઉરમાં ન જરા, આ જગત વિષે. ૩
ધનવાન વિષે નિજ મિત્ર ઘણા, નથી લેશ ગરીબતણી ગણના;
મથતા સહુથી બહુ શ્રેષ્ઠ થવા, આ જગત વિષે. ૪
નમતા મુજને જન સર્વ રહે, મુજ તુલ્ય થવા નવ કોઇ ચહે;
અભિલાષ સદા ઉર એજ વહે, આ જગત વિષે. ૫
નિજનો કદિ કો અપરાધ કરે, મનમાં બહુ તેપર વૈર ધરે;
બનતી તકમાં દુખ દેઇ ઠરે, આ જગત વિષે. ૬
મન અલ્પ વિષે નવ માય મયા, નથી નિર્મળ સદ્‌ગુણ નામ લહ્યા;
શુભ ધીરજ, શાંતિ વિવેક, દયા; આ જગત વિષે. ૭
બહુ લોક રહે ડરીને નમતા, પણ પાછળ શાપ વદી શમતા;
ધિક્ જે જન છે દીનને દમતા, આ જગત વિષે. ૮

મોટું મન.

ગરબી.

"હરીભજન વિના દુઃખહરિયા સંસારનો પાર ન આવે"–એ રાગ.

સુણ સાહેલી મન જેનાં મોટાં તે મોટા જાણવા,
આ ગુણવડે ઉંચજનોને પરખી તુર્ત પિછાણવા.
કુળ કે ધનનું અભિમાન નથી, મનમાં કદિ કૂડ વસે ન રતી;
દુખીઆ જનની દિલ દાઝ અતિ, સુણ સાહેલી—૧
ધનવાન વડો ધન વાપરશે, જન રાંક દયા દિલમાં ધરશે;
પરકાજ કરી તન તે ઠરશે, સુણ સાહેલી—૨
ખુશ રહે દીનનાં દુખડાં દળીને, સહુ સજ્જન સાથ હળીમળીને;
વદશે શુભ વેણ લળીલળીને, સુણ સાહેલી—૩
પરમાર્થ વિષે મથતોજ રહે, દિલ દુષ્મનનું પણ હિત ચહે;
મુખ શાંતિતણું શુભ તેજ વહે, સુણ સાહેલી—૪

કટુ વેણુ કદી જન કો' ઉચરે, કુળવાન વડો મનમાં ન ધરે;
ધરી ધીરજને શુભ બોધ કરે, સુણ સાહેલી—૫
બહુ માન મળ્યે નવ ગર્વ ધરે, અપમાન થકી નવ શોચ કરે;
નિજ ધર્મ ધરી સુખમાં વિચરે, સુણ સાહેલી—૬
કદી આપવડાઈ ઉરે ન વસે, નવ લોભથકી લલચાય કશે;
નિજ ધર્મથકી કદીએ ન ખસે, સુણ સાહેલી—૭
જ્યમ[1] માનવી માન પછાડી ફરે, ત્યમ[2] તે બહુ વેગથકી વિચરે,
મન મોટું કર્યે સહુ અર્થ સરે, સુણ સાહેલી—૮

મરહુમ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ વિષે.

ગરબી.

આર આરંરે સુરત શહેર સુંબાઈ અલબેલી—એ રાગ.

ધન ધનરે રણછોડલાલ કામ રૂડાં કીધાં.
અમદાવાદ વિષે નર એવા, ફરી ફરી નહિ થાયરે;
દીર્ઘ દૃષ્ટિ, બુદ્ધિ ને ડહાપણુ, ધીરજ રાખી સદાય.
કામ રૂડાં કીધાં. ૧
પહેલ કરી કાપડનો સંચો, આણ્યો ગુર્જર દેશરે;
રોકી લક્ષ્મી રાજનગરમાં, તેનો આજ ઉજેશ. કામ. ૨
સ્વાર્થમાં પરમાર્થ સાધ્યો, રાખીને બહુ રહેમરે;
લાખો લોકતણી રોજીનો, ઉદય કર્યો છે એમ. કામ. ૩
શહેરસુધારો કરમાં લઇને, શોભાવ્યું બહુ શહેરરે;
ઘેર ઘેર ગંગાજળ આણ્યાં, લોક કરે છે લહેર. કામ. ૪
નગણા જનની નિંદા સુણતાં, જરા ન કીધો ક્રોધરે;
હસતે મુખડે વાત કરીને, બહુને દીધા બોધ. કામ. ૫

---

૧ જેમ ૨ તેમ.

ઔષધશાળા સ્થાપી પોતે, માનો સહુ અહેસાનરે:
નર નારી ને બાળ ઘણાંને, આપ્યાં જીવતદાન. કામ. ૬
આશ્રય દેઈ અનાથજનોને, પોષ્યાં અંધ અપંગરે;
ધર્મ સભા સ્થાપી વસ્તીમાં, સદા કર્યો સત્સંગ. કામ. ૭
માન અને અપમાન ગણ્યાં નહિ, ધારંતા નિજ ધર્મરે;
વાત કરી સામાનો વર્તે, પળમાં મનનો મર્મ. કામ. ૮
રાજસભામાં સાદી રીતે, જાય ગવરનર સાથરે;
બાળકના મંડળમાં તેમજ બેસી કરતા વાત. કામ. ૯
મોટા સાથે મોટા પોતે, બાળક સાથે બાળરે;
વાદી સાથે વાદ કરીને, દાખે બુદ્ધિ વિશાળ. કામ. ૧૦
કરમાં લીધું કામ કદી તો, જરા ન આવે ખોડરે;
વખત બરાબર સાચવનારા, રાજનગર રણછોડ. કામ. ૧૧
કામતણો બોજો શિર તોપણ, જનહિતમાં ચિત પ્રોયરે:
નકલો કરવા કાજ નમુનો, પ્રભુએ પ્રેર્યા હોય. કામ. ૧૨
જન્મ્યા તે જાશે જગ છોડી, રહેવાનું નથિ કોયરે;
જે કર્ત્તવ્ય કરીને જાશે, તેજ અવિચળ હોય. કામ. ૧૩
લાખો લોક થયા ને થાશે, બળ બુદ્ધિ ધનવાનરે;
મન મોટું તે મોટા જાણો, બીજા સર્વ સમાન. કામ. ૧૪
મોટા મનનો માણસ એ તો, શહેરતણો શણગારરે;
રાજનગર રણછોડ સમા નર, પાકો અપરંપાર. કામ. ૧૫
આત્માએ અવિચળ સુખ પામો, માગો સહુ જન એમરે;
સંતતિ એની થાઓ સવાઈ, ઉરથી ઇચ્છો ક્ષેમ. કામ. ૧૬

દયા વિષે.

રાગ ઉપર પ્રમાણે.

કંઇ કરો દયાનાં કામ, એક દિન જાવું છે;
કંઇ કરો જગતમાં નામ, એક દિન જાવું છે.

આજ કાલ્ કે માસ છ માસે, જાવું એ તો જરૂર રે;
શું કીધું શું કરવાનું છે, તેહ વિચારો, ઉર. એક દિન. ૧
પાણીના રેલાની પેઠે, વખત બધો વહી જાય રે;
ઈશ્વરની પ્રીતિ મેળવવા, કરજો જે કંઇ થાય. એક દિન. ૨
પેટતણું પોષણ તો કરશે, કાગ શુકર ને શ્વાન રે;
[૧]પરમારથ પોષીને રાખો, મનુષપણાનું માન. એક દિન. ૩
સ્વાર્થપરાયણ રહીને જેણે, પોષ્યો પંડ હમેશ રે;
આ દુનિયામાં આવી તેણે, લાભ ન લીધો લેશ. એક દિન. ૪
લક્ષ્મી તો ચંચળ છે પોતે, આવે ને વળી જાય રે;
[૨]પરમારથમાં ખરચ્યાં નાણાં, તેજ અવિચળ થાય. એક દિન. ૫
લખપતી લાખ થયા ને થાશે, કોઇ ન જાણે કાજ રે;
જેણે ધન ધર્માદે ખરચ્યાં, અમર રહ્યા છે આજ. એક દિન. ૬
કૃપણ ઘણા ધન ભેગું કરીને, ઠાલે હાથે જાય રે;
મધમાખીનો મિષ્ટ ખજાનો, અન્ય ખરેખર ખાય. એક દિન. ૭
માટે મિત્ર ધનીકો સર્વે, સુણો અમારા સાદ રે;
ધર્માદાનાં ધામ રચાવી દુખીઆંની લ્યો દાદ. એક દિન. ૮

સાચું સુખ નીતિથી પમાય છે.

સાખી.

આર્ય સુખી કેમ થાય ? આ ભૂમિમાં આર્ય સુખી કેમ થાય ?
કષ્ટ બધાં ટળી જાય, આ ભૂમિમાં૦ (ટેક)
શું સોને રૂપે મઢી, કરશું મેડી માળ;
હીરા જડશું હાટીએ, તેથી આર્યની ઓલાય ઝાળ ?
આ ભૂમિમાં—૧
શું વાડી, ગાડી વળી, મેનાને સુખપાલ;
હાથી ઝૂલે બારણે, તેથી આર્ય સુખી થાય હાલ ?
આ ભૂમિમાં—૨

૧—૨ પરમાર્થ.

શું સેનાઓ સજ થઈ, હાથ ધરે હથીઆર;
ગઢપર તોપો ગરગડે, તેથી આર્ય લહે સુખ સાર ?
આ ભૂમિમાં—૩

નહિ એ સૌ સાધનવડે, સાચાં સુખ પમાંય;
એ સૌ સુખ છે નામનાં, તેથી અંતરે તૃપ્તિ ન થાય.
આ ભૂમિમાં—૪

એ સુખથી નિજ અંતરે, સહેજ નથી સંતોષ;
પણ તેમાં નીતિ ભળે, ત્યારે માણુસનો મટે સોષ.
આ ભૂમિમાં—૫

જો એ સુખ માટે કર્યા, કૂડ, કપટ ને ફેર;
તોએ સાકર દૂધમાં, જાણે ઘોળીને મૂક્યાં છે ઝેર.
આ ભૂમિમાં—૬

પાપ થકી દુખ ઉપજે, પુણ્ય થકી સુખ થાય;
એ ઈશ્વરનો કાયદો, એનો નિર્મળ ન્યાય સદાય.
આ ભૂમિમાં—૭

પાપ ઘટે જો પૃથ્વિમાં, પુણ્યતણું બળ થાય;
સુખ ભોગવશો સ્વર્ગનું, તમે સર્વ સદા જગમાંહ્ય.
આ ભૂમિમાં—૮

પાપ અનીતિથી થયું, પૂણ્ય નીતિફળ હોય;
માટે જો મન સુખ ચહો, તમે નીતિ ગ્રહો સહુ કોય.
આ ભૂમિમાં—૯

જો ખેતર ઘઉં વાવીઆ, બંટી ક્યાંથી થાય?
એમ સહજ નીતિ થકી, વણુ માગેજ સુખ લણાય.
આ ભૂમિમાં—૧૦

ઈશ્વરીન્યાય અદર્શ રહી, કરે કારમાં કામ;
અલ્પ મનુષ્યો શું કળે, ફળ પેખીને પામે વિરામ.
આ ભૂમિમાં—૧૧

પૂર્વે આ પૃથ્વિ વિષે, ઋષિ મુનીએ રહી રાન;
એ સાચાં સુખ ભોગવ્યાં, તેનાં ગ્રંથે જડે છે નિશાન.
આ ભૂમિમાં—૧૨

શ્રૃષ્ટિ માતા સર્વને, દેતી જળ, ફળ, સ્થાન;
"મારૂં તારૂં" શિદ વસે, ત્યાં તો સર્વેને તૃપ્તિ સમાન.
આ ભૂમિમાં—૧૩

સાદા આર્ય સુલક્ષણા, ન્યાયીને વળિ નેક;
અનાહુત લેવા ચહે, એવો લાખે મળે નહિ એક.
આ ભૂમિમાં—૧૪

તન, મનમાં દ્રઢ તે હતા, વિદ્યામાં વખણાય;
ગ્રંથ ઘણા ગરવા રચ્યા, આજ ગણુતાંય તે ન ગણાય.
આ ભૂમિમાં—૧૫

ખત કે પત્ર લખાય નહિ, મુખથી થાય કરાર;
વિશ્વાસે સહુકો વસે, કોઇ તાળું ન દે નિજ દ્વાર.
આ ભૂમિમાં—૧૬

પોલિસ ત્યાં બહુ શું કરે, જ્યાં દુર્લભ છે ચોર;
થોડાં કોરટ કાયદા, નહિ કૂડ કપટનું જ્યાં જોર.
આ ભૂમિમાં—૧૭

એમ કદી જો આ સમે, નીતિનું બળ થાય;
આર્યભૂમિ અસારથી, ખરે સ્વર્ગ સમી બની જાય.
આ ભૂમિમાં—૧૮

સ્વદેશ પ્રીતિ.

ગરબી.

રાગ–પુનમ ચંદનીનો સાખી વગર ગાવાનો.

એવો [1]જડજીવો આ જગત વિષે જોયો નથીરે;

---

૧. મુડદાલ જીવવાળો, સ્વદેશાભિમાન રહીત.

જે જન બહુ મમતાથી હૃદયે મૂકી હાથ,
"મારો દેશ અને મુજ દેશી" ન કહે પ્રેમથીરે.—૧
જેનું મન મુડદાલ થએલું પામર તે હશેરે,
તેને દેશતણી નહિ હોય હૃદયમાં દાઝ;
પોષી પિંડ અને પશ્વાદિ પેઠે જીવશેરે.—૨
ફરતાં પરદેશે બે દેશી જો ભેગા થશેરે,
દોડી પ્રેમે પકડે એક બીજાનો હાથ;
પૂછી નામ ઠામ નિસ્બતને ભાવે ભેટશેરે.—૩
જોયા જંગલવાસી સહાય થતા નિજ દેશીનેરે,
જળ ફળ આપી કરતા દેશીનું સન્માન;
પૂછે પ્રેમ થકી ખબરો તે પાસે બેસીનેરે.—૪
દુર્બળ પહાડીને પણ દાઝ ઘણી નિજ દેશનીરે,
ત્યારે આર્યજનોમાં એવા શાને હોય;
જેને લેશ નથી નિજ દેશી માટે લાગણીરે.—૫
પૂર્વે આર્યજનોમાં એવા બહુજન થઇ ગયારે,
જેણે દેશતણું હિત કરતાં ખોયા પ્રાણ;
પાછળ નામ અમર મૂકીને સ્વર્ગે સંચર્યારે.—૬
આજે જીવતણા જોખમની ગરજ રહી નથીરે,
કરવા તન, મન, ધનથી દેશીની સંભાળ;
દુર્બળ દેશતણા હિત માટે સૌ મંડો મથીરે.—૭
છોડી સ્વાર્થ અને પરમાર્થ પોષો પ્રેમથીરે,
રૂડા યત્ન વિષે પરમેશ્વર કરશે સહાય;
રાજી થઇને સૌને સુખીઆ કરશે રહેમથીરે.—૮

સ્વદેશની ઉન્નતિ વિષે.

ગરબી.

શામરંગ સમિપે ન જાવું મારે આજપછી શામરંગ સમિપે ન જાવું એ રાગ.

આદરોને ઉન્નતિ સ્વદેશની એ દેશી હવે આદરોને
ઉન્નતિ સ્વદેશની.

એકવાર ભર્ત્તખંડ સર્વને શીરે ચઢી,
કીર્તિરૂપી પહાડથી ગયો પડી, એ દેશી હવે (ટેક) ૧
હિંદને સુભાગ્યે આજ એક નેક રાજ્ય છે,
ઉઠવાનો તાકડો તો આજ છે. એ દેશી. ૨
રાજનું રખોપું, રૂડું ટાંકણું અમૂલ્ય છે,
આદરો તો સર્વ અનુકૂળ છે. એ દેશી. ૩
કલેશ ને કંકાસ નથી. શાંતે સર્વ ઠામ છે
વિદ્યાનો પ્રસાર ગામેગામ છે. એ દેશી. ૪
આર્ય અંધકારમાંથી આવ્યા છે ઉજેશમાં,
જાગ્યા છે જુવાન આખા દેશમાં. એ દેશી. ૫
હુન્નર વધારો ખરી ખંતથકી આપણે,
દામ લાવો નીકળી દેશાટણે. એ દેશી. ૬
હિંદ છે જોડાયલું આ રેલવે ને તારથી,
વાળી લાવો લક્ષ્મિને વેપારથી. એ દેશી. ૭
બાળને સુધારો તમે વપુને વિચારમાં,
નાનપણે નાંખો ન સંસારમાં. એ દેશી. ૮
નાનપણે બાળ રખે મોજશોખમાં પડે,
રખે તે ખરાબ [1]મારગે ચઢે. એ દેશી. ૯
મોજ શોખ માણવાના દીન હજુ દૂર છે,

---

૧ માર્ગે.

લક્ષ્મી કેરી ભીડ ભરપૂર છે. ઓ દેશી. ૧૦
કાપીને કુસંપ, સંપ દેશમાં ખડો કરો,
દેશીઓની દાઝ દિલમાં ધરો. ઓ દેશી. ૧૧
ઉદ્યમે મચીને મિત્ર હામ નવ હારશો,
ઇશની કૃપાથી સુખીઆ થશો. ઓ દેશી. ૧૨

રજપૂતાણી વિષે.

ગરબી.

હરીભજનથકી છોટા હોય તે સૌથી મોટા થાય.

એ રાગ.

રજપૂતાણી, આર્યતણાં રત્નોમાં તું પણ એક છે.
જગ જતાણીનો અચળ અનુપમ શાણી તારો ટેક છે
[illegible] રહી [illegible], [illegible]માં [illegible] પતિ:
સંસાર વિષે સુખ રૂપ સતિ, રજપૂતાણી૦ ૧ (ટેક.)
તું જબરા જોદ્ધતણી માતા, પૃથ્વીપર જે બહુ પંકાતા;
રણજંગ વિષે રમવા ચહાતા, રજપૂતાણી૦ ૨
તું ધીરજથી બહુ કષ્ટ ખમે, તું ભય આવે રણક્ષેત્ર રમે;
પતિના સુખ સારૂ દેહ દમે, રજપૂતાણી૦ ૩
તું જન્મીને જીવી જાણે, તું સુખ દુખને સરખાં માને;
પતિવ્રતમાં પણ પહેલે પાને. રજપૂતાણી૦ ૪
બળતી ચહેમાં પતિ સાથ બળે, કદિ ધર્મથકી તે કેમ ચળે;
તુજ દર્શનથી તનતાપ ટળે. રજપૂતાણી૦ ૫
પતિ કે તન પ્રાણથકી પ્રિય જે, બહુ બાણબર્છીની વૃષ્ટિ વિષે;
વડી હોંસ થકી તું વિદાય કરે, રજપૂતાણી૦ ૬
રજપૂત કદી રણથી નીસરે, બની કાયર પગ પાછોજ કરે;
તુજને મળવા નવ હામ ધરે. રજપૂતાણી૦ ૭

સતિ ધન્ય તને બહુ ધન્ય ખરે, અવગણના તારી જેહ કરે;
તે રઝળી કે રીબાઇ મરે, રજપૂતાણી. ૮

જીવતરનું સાફલ્ય.

પદ.

"કુલ્યો શું ફરેછે રે ભૂલ્યો ભવકૂપમાં પડયો." એ રાગ.

ધર્મ ઉર ધાર્યો રે એ સુખની તો બલીહારી,
જન્મ ધરી કીધું રે જીવતર જયકારી;
બાળક કો બહુ લાડકવાયો, સ્વજનને પ્રિયકાર,
સબળાં માતપિતા શિર ગાજે, મનમાં ન ફિકર લગાર;
વિદ્યાનો વિલાસીરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૧
પૂરણ[1] બ્રહ્મચર્ય પાળી પ્રતાપી, વિદ્યા વપુમાં ભરપૂર,
યોગ્ય વયે વરને વધુ પરણ્યાં, પ્રેમથી પૂરણ ઉર;
દિલ એક એનાંરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૨
મીઠું બોલીને મન હરનારી નિષ્કપટી દિલદાર,
સુખદુખનો સંસારમાં સાથી, ઘરતણો શણગાર,
એવી ઘેર નારીરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૩
પૈસે ઘરમાં ભીડ ન ભારે, પુરૂષ પરમ ઉદાર,
દુખીઆજનની દાઝ ધરીને, કરીને પરઉપકાર;
ઉરમાં ઉલ્લાસેરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૪
સંસારી પણ સંત છે સાચો, પ્રભુમાં પ્રેમ અપાર,
જગદીશ્વરપર ભારે ભરોસો, કોઇથી ડરે ન લગાર;
મોટાનો માનીતોરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૫
શૂરો કો' સરદાર સવાયો, જુદ્ધે ચઢયો જશકાજ,
દેશ કે રાજ્યનું રક્ષણ કીધું જાણીને નિજજન દાઝ;

---

૧ પૂર્ણ.

જંગ છતી આવ્યોરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૬
વૃદ્ધ વયે સંસાર તરીને, મૂકીને સુત પરિવાર,
સંસારી સહુ વાત તજીને, પ્રભુમાં થયો એક તાર,
નથી અર્થ બીજોરે એ સુખની તો બલિહારી. જન્મ૦ ૭
માતપિતા સુત બાંધવ સ્નેહી રંક અને વળી રાય,
પોતપોતાનો ધર્મ બજાવે તો, અંતરમાં સુખ થાય;
શાંતિ શાંતિ શાંતિરે ! ! એ સુખનીતો બલિહારી. જન્મ૦૮

સ્ત્રીઓને માટે પ્રાર્થના.

ગરબી.

તારૂં ગોકુળ જોવાને આવરે મથુરાંના વાસી. એ રાગ.

મને સંસારસાગર તારરે, પ્રભુ જક્ત-નિવાસી;
અવિનાશી અંતરજામી તુંરે, શક્તિતણો નહિ પાર,
સંસારમાં સુખ આપીયાં, માનું કેટલો હું ઉપકારરે. પ્રભુ. ૧
ઉપકાર કો દિ વળે નહિરે, અલ્પ હું પામર જાત;
પ્રાર્થના ભલા ભાવની મારી, સ્વીકારજે જગતાતરે. પ્રભુ. ૨
સંસારે સુમતિ આપજેરે, કુમતિ કાપી સદાય;
ભક્તિમાં ભાવ વધારજે, મારાં પાપ તો પ્રલય થાયરે. પ્રભુ. ૩
પાપના પંથથી વેગળીરે, રાખજે રામ હમેશ;
ઉરમાં તું આનંદ આપજે, મારાં કાપજે ક્રોધ ને કલેશરે. પ્રભુ.૪
કામ ક્રોધાદિ છ શત્રુઓરે, મનડાની પુંઠળ ધાય;
સહાય કરો તમે શ્રીહરી, ભવસાગર તોજ તરાયરે. પ્રભુ. ૫
સ્વામીનો સ્નેહ સદા હજોરે, રાખજો સ્વામીની સાથ;
દુભું હું સ્વામીને જો કદી, મને જોજે તું જક્તના નાથરે. પ્રભુ. ૬
સંસારસાગર હું પડીરે, સંકટનો જહાં સાથ;

તેમાંથી શ્રીહરી તારીને, મારો અંતે ગ્રહો તમે હાથરે. પ્રભુ. ૭
અંત સમે બેલી અંતનારે, ભાગજો માયાથી મન;
ઉરમાં વસી જગ તાત, તું લેજે જીવનું કરીને જતનરે. પ્રભુ. ૮

પ્રાર્થના.

પદ.

અંત સમાનો તું બેલી, હરી મારો અંતસમાનો તું બેલી.
મારી સાચવજે પળ છેલી, પ્રભુ મારો અંતસમાનો તું બેલી.
ઓસડ વેસડ આવી રહેશે ને દુનીઆ તો મહેલશે ઠેલી;
તે સમે ઓ પ્રભુ તારા વિના, હશે ઓથ ન એકે રહેલી.
હરી મારો૦ ૧ (ટેક)
આંસુ વિલાપથી અળગાં રહીને, સઘળાં સગાં મારાં રડશે;
ક્લેશ કરી મન કલેશ ઉપજાવી, વહાલાં વેરી થઇ પડશે.
હરી મારો૦ ૨
તે સમે માયાથકી મન મારૂં, ઓ પ્રભુ વેગળું ધરજે;
આનંદ રૂપ પ્રભુ ઉર આવી, વિષમે સમે વહાર કરજે.
હરી મારો૦ ૩
જીવની જેહ ગતિ અતિ સારી, તે ગતિ મારી તું કરજે;
ઓ દેવ દાસતણી દીન વાણી, મહેર કરી મન ધરજે.
હરી મારો૦ ૪

ભાગ ત્રીજો.

આખ્યાન અને કહાણીઓ.

કંજુસની કહાણી*

સુમચંદશેઠની ઉજાણી.

ગરબી.

“જુમનાં જાવાદો પાણી.” એ રાગ.

સુણુ સખી કંજુસની કહાણી, બહુ બહુ ઉપયોગી જાણી;
કવિએ ગરબામાં આણી. સુણુ સખી૦ ૧
સુમચંદશેઠ ઘણા ડાહ્યા, પૈસે પૂર્યા છે પાયા;
કો'થી જાય નહીં વાહ્યા. સુણુ સખી૦ ૨
નાણાં ઘરમાં બહુ દાટયાં, છોરૂ અન્ન લુખું ખાતાં;
કપડાં પહેરે છે ફાટયાં. સુણુ સખી૦ ૩
લખપતિ લોક કહે એને, વ્યાજે ધન ફરતું જેને;
ન ગમે ખરચ કશું તેને. સુણુ સખી૦ ૪
એક દિન શેઠાણી ભોળાં, વિજયા વસ્તારી બહોળાં;
વરને ખીજીને બોલ્યાં. સુણુ સખી૦ ૫
બીજા લોક બહુ બહાને, લઇને મિત્ર સગાં ટાણે;
જઇને બાગે સુખ માણે. સુણુ સખી૦ ૬
હું તો લખપતિને પરણી, કેવી મારી છે કરણી;
ગઇ નહીં બહાર કદી ઘરની. સુણુ સખી૦ ૭
મરજી વરની મેં રાખી, ઉમ્મર એળે ગઇ આખી;
કડવું વેણ નથી ભાખી. સુણુ સખી૦ ૮

---

* જોન ગીલપીનનું અનુકરણ.

છોરૂ પ્રાણ થકી પ્યારાં, ન મળે અંગરખાં સારાં;
લુખું અન્ન જમે બાળાં. સુણ સખી૦ ૯
સાડી પહેરી નથી સાજી, જમવા ભાખર ને ભાજી;
હું તો દેખી મરૂં દાઝી. સુણ સખી૦ ૧૦
સુણતાં શેઠ વધા વાણી, શાને કકળે છે શાણી ?
કાલે જઇશું ઉજાણી. સુણ સખી૦ ૧૧
નોતર મિત્ર સહોદર જે, સઘળી તૈયારી કરજે;
સીધાં કોથળીએ ભરજે. સુણ સખી૦ ૧૨
વદતાં શેઠાણી લાડે, ગાડી ચાર કરો ભાડે;
ચાલો બાગ વિષે કાલે. સુણ સખી૦ ૧૩
"નક્કી" શેઠ કહે "જાવું," "ગાડી ગોવિંદની લાવું;"
"હયનું હરજીને કહાવું." સુણ સખી૦ ૧૪
ગોવિંદ ગામડીએ ઠરતો, કાંધાં શેઠ ઘરે ભરતો;
ગાડું ગરજ પડે ધરતો. સુણ સખી૦ ૧૫
તેની ગાડી મંગાવી, વેગે વણ પૈસે આવી;
તેથી સુમચંદને ભાવી. સુણ સખી૦ ૧૬
હરજી હીરાપર રહેતા, નાણાં શેઠ કને લેતા;
ઘોડો ગરજ પડે દેતા. સુણ સખી૦ ૧૭
ઘોડો હરજીનો આવ્યો, ચાકર દોરીને લાવ્યો;
શેઠે ખીલે બંધાવ્યો. સુણ સખી૦ ૧૮
વિજયા વરજીને કહાવે, પરવર છોરૂને ભાવે;
સારાં શાક કહો લાવે. સુણ સખી૦ ૧૯
વર કહે શાક વિના રહીશું ? વેંગણ વાડીનાં લઇશું;
ખાસુ ભરત કરી ખાઇશું. સુણ સખી૦ ૨૦
"વારૂ" વિજયા કહે વ્હાલે, "ત્યાં નહીં ચાકર વણ ચાલે;
ઘડવાં ગોળ ઘીનાં આલે." સુણ સખી૦ ૨૧
કહેછે શેઠ "ભલી ભાતે," "હું તે સંભાળું જાતે;"

"સીધાં સૌ લ્યો તમ સાથે." સુણ સખી૦ ૨૨
"ચાકર સાથે જો થાશે," "સૌથી બમણું તે ખાશે;"
"તેથી ખરચ વધી જાશે." સુણ સખી૦ ૨૩
સમજ્યાં શેઠાણી મનમાં, કંઈ બોલ્યાં નહીં ડહાપણમાં;
અટકે ઉજાણી ક્ષણમાં. સુણ સખી૦ ૨૪
સીધાં સામગ્રી લઇને, બેઠાં ગાડીમાં જઇને;
સ્નેહી સૌ ભેગાં થઇને. સુણ સખી૦ ૨૫
હયપર બે બાજુ હળવાં, ઘીને ગોળતણાં ઘડવાં;
શેઠે ઠીક કરી ભરવ્યાં. સુણ સખી૦ ૨૬
સઘળી તૈયારી તાગ્યા, આવી વછીઆતો લાગ્યા;
સુખથી માલ ઘણા માગ્યા. સુણ સખી૦ ૨૭
સુમચંદ ત્યારે ગુંચાયા, છે સૌ પૈસાની માયા;
આપણ ડાહી માના જાયા. સુણ સખી૦ ૨૮
નાણું આવ્યું કેમ છોડું, જાતાં જો થાશે મોડું;
જલદી દોડાવું ઘોડું. સુણ સખી૦ ૨૯
કરથી સાન કરી સીધી, ગાડીને જાવા દીધી;
કુંચી કેડ થકી લીધી. સુણ સખી૦ ૩૦
ઘરમાં ઉઘાડી પેઠા, સાથે વછીઆતો બેઠા;
કીંમત માલતણી કહેતા. સુણ સખી૦ ૩૧
રગઝગ કીંમતમાં કરતાં, વિક્રય માલતણો ઠરતાં;
લાગી વાર ઘણી વળતાં. સુણ સખી૦ ૩૨
વિજયા પહોંચ્યાં છે પહેલાં, જાણે હર્ષ થકી ઘેલાં;
ચુલે આધણ તો મેલ્યાં. સુણ સખી૦ ૩૩
કાઢયાં કોથળીથી સીધાં, રાંધણ તો ચાલુ કીધાં;
ઘી ને ગોળ નહીં દીઠાં. સુણ સખી૦ ૩૪
હમણાં શેઠ ખરે આવે, ઘડવાં ગોળ ઘીનાં લાવે;

મોદક કરવા છે ભાવે. સુણ સખી૦ ૩૫
ઉતરે માળ ચઢી હેઠાં, દ્વારે રાહ જોતાં બેઠાં;
રસ્તે જાય જુએ છેટાં. સુણ સખી૦ ૩૬
તોપણ શેઠ નથી જડતા, નજરે નામ નથી પડતા;
બાળક બાકિ કાજે રડતાં. સુણ સખી૦ ૩૭
ત્રીજે પહોર થયો જ્યારે, તાગ્યા શેઠ ઘરે ત્યારે;
બેસી હય ચાબક મારે. સુણ સખી૦ ૩૮
ઘોડો ચાબકથી ચમક્યો, ઝાલ્યો કેમ રહે ઝબક્યો ?
નહીં તે અટકાવ્યો અટક્યો. સુણ સખી૦ ૩૯
ખેંચે હય જમણે હાથે, ડાબે પાઘ ગ્રહી માથે;
ચાકર કોઇ નથી સાથે. સુણ સખી૦ ૪૦
કરથી બહુ બળમાં તાણે, પડશે ગભરાયા જાણે;
ઘોડો મનમાં નવ આણે. સુણ સખી૦ ૪૧
ઘડવાં ઉછંગીને આગે, હયના પેટ વિષે વાગે;
ભયભિત થઇને તે ભાગે. સુણ સખી૦ ૪૨
ત્યારે શેઠ ઘણા ભડક્યા, હયને હારી ગળે વળગ્યા;
પંથી પેખી રહે અળગા. સુણ સખી૦ ૪૩
શિરથી પાઘ ગઇ ઉડી, કરથી ચાબક પણ કુડી;
બળજે ઉજાણી ભુંડી. સુણ સખી૦ ૪૪
પગથી જોડા પણ સરીઆ, સુમચંદ બહુ શ્વાસે ભરીઆ;
કહે "હય પકડો બાપલીઆ." સુણ સખી૦ ૪૫
ઘડવાં ગોળ ઘીનાં ભાગ્યાં, કેવાં સુમચંદને લાગ્યાં;
જાણે બાણ હૃદય વાગ્યાં. સુણ સખી૦ ૪૬
હયને મન કૌતક ભાસ્યું, જાણે વેંગ ગળે બાઝ્યું;
તજવા જોર કરે ઝાઝું. સુણ સખી૦ ૪૭
દૃષ્ટિ બાગ વિષે ફેંકો, રાંઝણ અર્ધ થયા પેખો;

વ્યાકુળ વિજયાને દેખે. સુણ સખી૦ ૪૮
સૌને ભૂખ ઘણી લાગી, તેથી કામ બધું ત્યાગી;
રસ્તે નજર કરે આથી. સુણ સખી૦ ૪૯
દીઠું હય જેવું જ્યારે, આવે ધસમસતું ત્યારે;
સૌને હર્ષ થયો ભારે. સુણ સખી૦ ૫૦
રસ્તે શેઠાણી દાનાં, ઉભાં મોટાં ને નાનાં;
રોતાં બાળ રહ્યાં છાનાં. સુણ સખી૦ ૫૧
દોડ્યો હય આવ્યો પાસે, "પકડો" શેઠ વદે ત્રાસે;
"મારા પ્રાણ નકી જાશે." સુણ સખી૦ ૫૨
સઘળાં સ્ત્રી બાળક ભાગે, ચાકર કોઈ ન સંજોગે;
હયને કોણ કહો રોકે. સુણ સખી૦ ૫૩
વ્યાકુળ સર્વ વદે "જાશે," બીરાં યત્ન કરે હાસો;
હયના વાવેગે ચાલ્યો. સુણ સખી૦ ૫૪
કાંઈ શેઠાણી મારે, રડતાં બૂમ ઘણી પાડે;
"ચઢ્યો પરભુજી વડારે.' સુણ સખી૦ ૫૫
ગાડિત આવ્યો ત્યાં પાસે, હયની પાછળ તે નાસે;
"પકડો" "પકડો" કહે "જાશે." સુણ સખી૦ ૫૬
સુણતાં પંથી કહે "મારો," "નાસે છે આ લુંટારો;"
"હય ને કોઈ આરે ખાજો.' સુણ સખી૦ ૫૭
રસ્તે બૂમ પડી ખોટી, સૌ કહે લુંટ થઈ મોટી;
નાસે પાળા ને ઘોડી. સુણ સખી૦ ૫૮
પાસે પોલિસનું થાણું, સ્તો લુંટ થઈ જાણ્યું;
છૂટ્યા સ્વાર તજી ખાણું. સુણ સખી૦ ૫૯
આગળ શેઠતણી સ્વારી, પાછળ પોલિસ થઈ જારી;
રસ્તે ભીડ થઇ ભારી. સુણ સખી૦ ૬૦
ખેડુ સૌ ભેગા થઇને, આવ્યા લાકડીઓ લઇને;
નાસે હય પાછળ રહીને. સુણ સખી૦ ૬૧

હયનો વેગ હતો ભારે, પોલીસ પહોચી નહિ જ્યારે;
ખાલી બ્હાર કર્યો ત્યારે. સુણ સખી૦ ૬૨
સુણતાં શેઠ પડ્યા ઢીલા, પગ ને હાથ થયા ઢીલા;
રસ્તે લોક જુએ લીલા. સુણ સખી૦ ૬૩
હયથી હારીને પડીઆ, ખોડા રસ્તામાં ખડીઆ;
"મારા બાપ" કહી રડીઆ. સુણ સખી૦ ૬૪
પોલિસ ત્યાં આવી પહોચી, સ્વારે ઝાલી છે ગોચી;
શાણા શેઠ રડે શોચી. સુણ સખી૦ ૬૫
બોલ્યો સ્વાર "ચલો થાણે, ખાલી ઢોંગ કરે શાણે;"
બાંધી હાથ અને તાણે. સુણ સખી૦ ૬૬
બીજો બોલ્યો "મેં બોડા, મુદ્દે માલ મિલે થોડા;
ઉને છોડદિયા ઘોડા." સુણ સખી૦ ૬૭
ત્રીજો બોલે છે ધારી, "કેસી ભૂલ ભયી ભારી?
ઓ હે બનીઆ વેપારી." સુણ સખી૦ ૬૮
ત્યારે શેઠ વદ્યા વાણી, "મુજને લુંટારો જાણી,
શાને બાંધ્યો છે તાણી. સુણ સખી૦ ૬૯
હું તો રાજનગર રહું છું, બાગે ઉજાણી જાઉં છું;
સાચેસાચું હું કહું છું. સુણ સખી૦ ૭૦
ઘોડો મસ્તાનો થઈને, આવ્યો બાગ વટાવીને;
અહીંથી નાઠો નાંખીને. સુણ સખી૦ ૭૧
પડતાં ઠબકાયો ઝાઝો, પગમાં ઘા પડીઓ તાજો;
મુજને બાગે લઈ જાજો." સુણ સખી૦ ૭૨
સ્વારે શેઠ ગ્રહી લીધા, ઘોડે બેસાડી દીધા;
બાગે સૌ ભેગા કીધા. સુણ સખી૦ ૭૩
હયતો હીરાપર આવ્યો, ઘીને ગોળે છંટાયો;
હરજી બાગ ભણી ધાયો. સુણ સખી૦ ૭૪

બાગે આવ્યા સૌ થાકી, ત્યારે શોધ કરી પાકી;
ત્યારે ભૂખ બધી ભાગી. સુણ સખી૦ ૭૫
અન્ન તો ટાઢાં ને લૂખાં, સૌનાં પેટ ભર્યાં ભૂખ્યાં;
ત્યારે ઘેર જઈ મૂક્યાં. સુણ સખી૦ ૭૬

સિદ્ધરાજ જયસિંહ અને જશમાનો સંવાદ.

ગરબી.

રાગ પુનમચંદનીનો સાખી વગર ગાવાનો.

ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે,
સાચો સબળો પેલો સોળંકી [1]સીધરાજ;
જેની કીર્તિ વ્યાપી રહી છે આ જગમાં ઘણી રે. ૧
તેણે લોકો કાજે વાવ કૂવા બંધાવીઆરે,
મોટાં માન સરોવર, દેવળ, ધામ વિશાળ;
પોષી સર્વ પ્રજાને શત્રુ સર્વ નમાવીઆ રે. ૨
તેણે પાટણ પાસે એક સરોવર આદર્યું રે,
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડ અનેક;
નાંખે ઓડણો માટોડું માથે વહી પરૂં રે. ૩
પાળે વડને ડાળે ઝૂલે બાળક પારણે રે,
માટી વહેતાં જશમા ઝુલાવે નિજ બાળ;
વળતાં મુખડું પેખી જાય કુંવરને વારણે રે. ૪
સાદે વેશે ફરતાં રાજાએ પેખી પરી રે,
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુરઃ
પાસે જઈને રાજા કહેછે સુણ તું સુંદરી રે. ૫

---

૧ સિદ્ધરાજ.

સિદ્ધરાજ—માટી વહેવાને આ કોમળ કાય કરી નથી રે
પાળે બેસીને તું રીઝવ તારૂં બાળ;
બીજી ઓડણો છો કામ કરે તારી વતી રે. ૬

જશમા—જશમા કહેછે, "રાજા કાય કસી ખાવું ગમે રે,
મુજને બેસી રહેતાં વાધે અંગે રોગ;
મારા નવરા દહાડા બેઠે નવ નીઠે કદી રે." ૭

સિ.—જશમા જંગલમાં વસવાને તું સરજી નથી રે.
મારા નગરતણો તું આવીને જો નોક;
પાટણપૂરની શોભા તુજને હું શું કહું કથી રે. ૮

જ.—નગરે અંધારી શેરી ને ઉંચી મેડીઓ રે,
તેમાં માણસં આડે ચાલ્યાનો નહિ માગ;
જાણે ઉનાળે ઉભરાતી દેખું કીડીઓ રે. ૯

સિ.—જશમા માણસ બહુ પેખીને શું ઘેલી બને રે;
તારા હલકા મનમાં ઉઠે હલકા ધાટ;
ન કળે ખાખરની ખિસકોલી સાકર સ્વાદને રે. ૧૦

જ.—રાજા મેલાં મન માણસનાં મેલાં શહેરમાં રે,
મેલી ગલીઓમાં બહુ મારેછે દુર્ગંધ;
મેલા ઝેર તણા જીવો છો જીવે ઝેરમાં રે. ૧૧

સિ.—જશમા રાજાના દરબારો તેં દીઠા નથી રે,
તેમાં બાગ બગીચે ખીલે ફૂલ ગુલાબ;
જળના હોજ, ફુવારા ઉડે, આવી જો સતિ રે. ૧૨

જ.—રાજા બાગ બગીચા જંગલ આગળ ધૂળ છે રે,
જેવો સૂરજ આગળ તારાનો ચળકાટ;
મારા જંગલની મોજો તો મોઘે મૂલ છે રે. ૧૩

સિ.—જશમા જંગલની વાતો તું આજ વિસારજે રે,
મીઠા નરઘાં ને સારંગી કેરા સૂર;

ગાયન સુણુવાને માટે તું શહેર પધારજે રે. ૧૪

જ.—રાજા નવ રીઝું નરઘાં સારંગી સૂરથી રે,
મેના, મોર બપૈયે ટેવ્યા છે મુજ કાન;
વાતો કોયલના ટૌકાની તો કહેતી નથી રે. ૧૫

સિ.—ઓડણુ આવો તો ઉતારૂં મેડી માળીએ રે,
રહેજો મિત્ર સહોદર સર્વ સંબંધી સાથ;
તમને પ્રિયજનો માનીને નિશદિન પાળીએ રે. ૧૬

જ.—મારે ઓડણુને ઉતરવા જોઇએ ઝૂંપડી રે.
મેડી માળે મુજને ચઢતાં આવે ફેર;
પડતાં પગ ભાગે કે કાયા થાશે કૂબડી રે. ૧૭

સિ.—ઓડણુ આવો તો પીરસાવું મેવા ચૂરમાં રે.
ઝૂલે હાથી ઘોડા ગુર્જરપતિને દ્વાર;
તેને પેખીને હરખાશો ઓડણુ ઊરમાં રે. ૧૮

જ.—મારે ઓડણુને તો જોઇએ વાળુ ઘેંશનાં રે.
રાજા શું છે મારે હય હાથીનું કામ;
દહીં ને દૂધ મઝેનાં મારે ભૂરી ભેંશનાં રે. ૧૯

સિ.—ઓડણુ માગી લ્યોને આછા સાળુ ઓઢણું રે,
હીરા, માણેક મોતી સોનાના શણુગાર;
આવી કાંચનવરણી કાયાપર શોભે ઘણું રે. ૨૦

જ.—છાયલ ટકશે, આછા સાળુ તો ફાટી જશે રે.
નાંખુ ઘાસ ચનોઠી ગાંઠી કંઠે હાર;
પહેરૂં ફુલ્લતણી માળા તો પરણ્યો રીઝશે રે. ૨૧

સિ.—જશમા કહે મુજને તું કેવો છે તારો પતિ રે,
તારા જેવી સમજુ નારી જેને ઘેર;
એના જેવો સુખીઓ આ જગમાં બીજો નથી રે. ૨૨

જ.—પેલો કેડ કસીને કામ કરે મારો પતિ રે,

જેના મોળીડામાં મ્હેકે છે બહુ ફૂલ;
એના કોદાળાના ઘાથી ધરતી ધ્રૂજતી રે. ૨૩

સિ.—જેને કામ કરતાં ન્યાળે એ તારા ભણી રે,
એના મનમાં તારો પૂરો નહિ વિશ્વાસ;
તારી બૂજ ન જાણે જશમા એ તારો ધણી રે. ૨૪

જ.—રાજા સાચાને ભય લેશ નથી સંસારમાં રે.
મારા વરને મારો [1]સંપૂરણ વિશ્વાસ;
હું તો અન્ય જનોને ભાઇ ગણી રહુ ભારમાં રે. ૨૫

સિ.—જશમા રાજાંને રાણાને હું તાબે કરૂં રે,
મોટા મહારથીં પણ નવ આપે સામો બોલ;
તારા આગળ હું નવ અમલ ચલાવા આદરૂં રે. ૨૬

જ.—રાજા કાયા ને માયાપર બળ નૃપનું વસ્યું રે;
પ્રભુએ જીવ ધર્યો છે જૂદો કાયા માંહ્ય,
મારે ભૂપતણું પણ તે પર નવ ચાલે કશું રે. ૨૭

સિ.—જશમા દ્દઢતા તારી દેખી વિસ્મય થાય છે રે.
આવાં દંપતિને પણ આખર હોય વિયોગ;
મિથ્યા આ જગનાં સુખ માટે મન મુઝાય છે રે. ૨૮

જ.—રાજા કોઈ ન જાણે "કાલે મારૂં શું થશે રે,"
એવી અલ્પ જીંદગી માણે સૌ આ લોક;
રૂડી રહેણી સુખ પરલોકે [2]પૂરણ આપશે રે. ૨૯

સિ.—જશમા પહેલું કે આ બીજું પરણુત તારૂરૂ રે ?
ઓડણ કેવો તારો સ્વામી પ્રત્યે પ્રેમ;
મારા મહેલતણું સુખ ઝુંપડીએ આવી ઠર્યું રે. ૩૦

જ.—રાજા આ લોકે પર લોકે મારે એ પતિરે,

૧ સંપૂર્ણ. ૨ પૂર્ણ.

પ્રીતે પરણ્યા માટે છોડું મારા પ્રાણ;
એના શત્રુનું હું મુખ કદી જોતી નથી રે. ૩૧
એવું કહીને જશમા ટોપલી લઇ પાછી ફરીરે.
રાયે લીધો વળતી પાટણ કેરો પંથ;
થઇ છે જશમાના પતિવ્રત જેને ખાતરીરે. ૩૨

રાખેંગાર અને રાણકદેવી.

ગરબી.

બડો ચતુર પેલો ટોપીવાળો. એ રાગ.

જુનાગઢનો જાદવરાજા, રાખેંગાર સવાયોરે;
મૃગયા કરતાં મૃગની પાછળ, ધનુષ ચઢાવી ધાયોરે. જુનાગઢ. ૧
મઝેવડીની સીમા પાસે, મૃગ દોડીને આવ્યોરે;
પનઘટપર જળ ભરતાં રૂડી, રાણકને મન ભાવ્યોરે. જુનાગઢ. ૨
કોમળ બાળા કર પ્રસારી, કહે મૃગને નવ મારોરે;
કહોજી હરણ બિચારે કીધો, શો અપરાધ તમારોરે? જુનાગઢ. ૩
તિવ્ર તમારૂં ભાલોડું, બહુ નાજુક મૃગની કાયારે;
કઠણ કરીને કાળજડું, રણધીર તમે શું ધાયારે. જુનાગઢ. ૪
વચન સુણી અબળાનાં બળીઓ, રાજા પડીઓ ઝાંખોરે;
ચકીત થઈ ચતુરાને જોતાં, તીર ઉતારી નાંખ્યોરે. જુનાગઢ. ૫
સાદો વેશ ધર્યો છે અંગે, પ્રભુતા કોઈ ન પ્રીછેરે;
ચતુર ફરેછે ચરચા જોતો, અકળીત રહેવા ઇચ્છેરે. જુનાગઢ. ૬
ધનુષ ઉતારી ધીરજ ધારી, રાણક રૂપ નિહાળેરે;
શાણી સાદાં વસ્ત્ર ધરીને, બેઠું જ્યાં અજવાળેરે. જુનાગઢ. ૭
જુનાંપુનાં વસ્ત્ર વિષે છે, કાંચનવરણી કાયારે;
વાદળમાંથી વીજ ઝબુકે, મુખડું જાણે માયારે. જુનાગઢ. ૮
રાજા રૂપ અલૌકિક પેખી, મધુર વચન ત્યાં ભાખેરે;

સુંદર બાળા શા કારણથી, મુજને વારી રાખેરે. જુનાગઢ. ૯
રજપુતોની રમત અમતમાં, મૃગયા પ્રભુએ મૂકીરે;
ક્ષત્રી કર્મ કરંતાં ખાળે, ચતુર બની શું ચુકીરે. જુનાગઢ. ૧૦
રાણક વળતી એમ વદે હું, જાણું ધર્મ તમારોરે;
તો પણ હીંસા ત્યાગ પ્રભુને, પરમ ધરમ છે પ્યારોરે. જુનાગઢ. ૧૧
ભૂખ તરસ ભય સરખેસરખાં, મૃગને મનુષ્ય પ્રમાણેરે;
સ્વાર્થે આગળ ન્યાય પ્રભુનો, કોઇ ન ઉરમાં આણેરે. જુનાગઢ. ૧૨
તાત ગયા પરલોક હવે તો, વખત વિચારી ચાલોરે;
મૃગયા મૂકીને મહારાજા, સોરઠને સંભાળોરે. જુનાગઢ. ૧૩
રૈયતજનની દાદ સુણીને, ન્યાય બધાંને આપોરે;
ખૂની ચોર ચકોર હણીને, કષ્ટ પ્રજાનાં કાપોરે. જુનાગઢ. ૧૪
મરણ સમયનાં વચન પિતાનાં, પ્રીત ધરીને પાળોરે;
ધનુષ બાણ ત્યાં છે ધરવાનાં, મૃગલાંને શું મારોરે. જુનાગઢ. ૧૫
મર્મ વચન રાણકનાં સુણીને, રાજા બહુ હરખાયોરે;
ઉમળકો આવ્યો બહુ ઉરમાં, કર ગ્રહવાને ધાયોરે. જુનાગઢ. ૧૬
પણ પાછળથી ધર્મ વિચારી દૂર રહીને પૂછેરે;
કહોજી બાળા કોનાં છોરૂ ? નામ તમારૂં શું છેરે ? જુનાગઢ. ૧૭
મૃગયામાં મન રમતું મેલ્યું, આજ લગી મેં દેવીરે;
ભવસાગરને કાંઠે રહીને, અબળાને નથી સેવીરે. જુનાગઢ. ૧૮
રજપૂતોમાં ખોળ કરીને, ખાંતે ખબર કઢાવીરે;
આજ લગીમાં એકે અબળા, નજર વિષે નથી આવીરે. જુના. ૧૯
મન મારૂં માન્યું છે તમથી, જો કાંઇ અરજ સ્વિકારોરે.
કોમળ કર આપીને દેવી સફળ કરો જન્મારોરે. જુના. ૨૦

હરીભજનથકી છોડ્યા હોય તે સૌથી
મોટા થાયછે—એ રાગ.

ઓ રાજકુમાર શું બોલો, હું છું તનયા કુંભારની.

હું શુદ્ર તમે રાણીજાયા, હું કીચ તમે કાંચન કાયા;
એ અવળી કેમ નિભે માયા? ઓ રાજકુમાર. ટેક.
નવ મહેલ ખોલે મુજ રાંક થકી, વળી રાજવળે પત જાય નકી;
પછી પ્રેમ રહે કેમ લેશ ટકી? ઓ રાજકુમાર
ક્ષણ કાજ મને ન પતીત કરો, વ્રત ભંગ થશે મુજ દૂર ટરો,
રજપૂત થઇ નીજ ધર્મ ધરો. ઓ રાજકુમાર.
રૂપ ગુણ રૂડા નર નારતણા, શણગાર જહાં સદ્ગુણતણા;
સમજો, છો આપ ચતુર ઘણા. ઓ રાજકુમાર.
સદ્ગુણ વિષે મુજ સુખ રહ્યું, કદી એ ગયું તો મુજ સર્વ ગયું;
શિર આળ ચઢે નવ જાય સહ્યું. ઓ રાજકુમાર.
હમણાં કદી રાખો પ્રીત ઘણી, કૂળ હીણ ગણી તજશો પરણી;
પછી શી ગતિ રાંકડી રાણકની? ઓ રાજકુમાર.
ક્ષત્રીતનયા કુળવાન ઘણી, વરશે તમને કાંચનવરણી,
નવ કાચ ગ્રહો નૃપ છોડી મણી. ઓ રાજકુમાર.
કદી રાંક કહો કયમ રત્ન રળે, કરી ઇચ્છા તોપણ કેમ ફળે?
પડી દીપક માંહ્ય પતંગ બળે. ઓ રાજકુમાર.

શામ રંગ સમીપે ન જાવું—એ રાગ.

જાતમાં જરૂર તું ભૂલી પડી ઓ નારી તારી જાતમાં જરૂર
તું ભૂલી પડી.
જો કદી કુંભાર ઘેર ઉછરે તું આ ઘડી,
રાજમહેલ કાજ પ્રભુએ ઘડી, ઓ નારી તારી. (ટેક)
ગુણીયલ રૂપમાં રસીક રંગ રાતડી,
આકડામાં ઉગી જાણે ગુલ છડી, ઓ નારી તારી.
જ્યોતિ જાણે જૂનાં પૂનાં વસ્ત્રમાં વીંટાયલી,
મેઘની ઘટામાં જાણે વીજળી. ઓ નારી તારી.

ટેક ને વિવેક જ્ઞાન વાતચીતમાં વડી,
ન્હોય નીચ જાત, બાળ કેસરી; ઓ નારી તારી.
દમદમામાં દાખવે તું લાગણી દયાતણી,
શાસ્ત્રના સિદ્ધાંત શાણી કયાં ભણી; ઓ નારી તારી.
કૂળનો જણાય છે આ વિશ્વમાં વિવેકથી,
નીચનું નિશાન તુજમાં નથી; ઓ નારી તારી.
રંકમાં એ રાજબીજ છેક તો છૂપે નહિ,
ભાસશે રવી તો વાદળે રહી. ઓ નારી તારી.
જો કદી કુંભાર તોય નાત જાત ના ગણી,
કીચમાંથી લઇશ હું હીરાકણી; ઓ નારી તારી.
એક વાર પારખીને રત્ન રૂડું સંઘર્યું,
કેમ તે પછીથી હું પરૂં કરૂં ? ઓ નારી તારી.
જાણજે જરૂર હું કદાપિ દેવી ના ચળું,
અન્ય નારી લાવવા ન આદરૂં; ઓ નારી તારી.
તાતજીનાં ત્રણ કામ પાધરાં પૂરાં કર્યાં,
આજથી મેં લગ્ન કામ આદર્યાં. ઓ નારી તારી.
ચોથું કામ પ્રીતથી હું ચોરીમાં પુરૂં કરૂં;
હાજીઓ ભણે તો હઇડે ઠરૂં. ઓ નારી તારી.

સાખી.

ધન્ય ગણું અવતાર હું માણરો ધન્ય ગણું અવતાર,
ધન્ય ઘડી પળવાર, આજનાં ધન્ય ઘડી પળવાર.
કયાં તનયા કુંભારની, કયાં જાદવ કુળદીપ;
એ ઇશ્વર ઇચ્છા થકી, કેવાં આવી મળ્યાં છે સમીપ.
હું માણરો० (ટેક).

નક્કી આ સંજોગમાં, ઇશ્વરનો છે હાથ;
અરજ સુણી આ ઉરની, તેજ મુજને કરેછે સનાથ. હું માણરો०

રાય રખે જાણો તમે, મળમાં થઇ મુજ પ્રીત;
જગદીશ્વરની પ્રેરણા, ખરા મનથી હું માનું ખચીત. હું માલ્હરો૦
આવી હું જુનાગઢે, બાર વરસની બાળ;
વાસણ લઇને વેચવા, સાથે માતપિતા રખવાળ. હું માલ્હરો૦
તે દી' સ્વારી રાયની, નીકળતાં ગઢ બહાર;
જોનારા જનમાં રહી, પહેલાં નિરખ્યાં મેં રાજકુમાર. હું માલ્હરો૦
ત્યાં અજ્ઞાની ઉરમાં, એવો થયો વિચાર;
"વરવા લાયક વિશ્વમાં, ખરે ખેંગાર રાજકુમાર." હું માલ્હરો૦
તે દી'થી છબી આપની, વસી રહી મુજ ઉર;
સુણતી ખ્યાતી આપની હું તો ભાવ ધરી ભરપૂર. હું માલ્હરો૦
આપ અચાનક આવીઆ, એ ઈશ્વરનો ખેલ;
મૃગયા કરતાં મન હર્યું, ભલો મહારાજે આણ્યો છે મેળ. હું માલ્હરો.
ઉત્તર શું આપું હવે, સઘળું કહ્યું સુજાણ;
બોલ્યું પ્રીતે પાળશો, આજ સોંપુંછું તમને હું પ્રાણ. હું માલ્હરો.
આર્યતણાં શુભ લગ્નથી, જીવે જીવ જડાય;
પ્રેમ રે'ણ પાકું રહે, પછી તૃણવત્ વિશ્વ જણાય. હું માલ્હરો.
આત્મા અમર જણાય છે, ક્ષણભંગુર આ કાય;
અવિચળ સુખ આત્મા લહે, પછી દેહનું ગમે તેમ થાય. હું માલ્હરો.
માત પિતા મુજ વૃદ્ધ છે, હજુ ન જાણે કાંય:
સમજણ આપી તેમને વીધી સહિત ગ્રહો મુજ બાંહ્ય. હું માલ્હરો.

"કહાં ગયોરે મેલો મોરલીવાળો" એ રાગ.

પ્રેમભરેલાં વચન સુણીને, ગઢપતિ બહુ હરખાયોરે;
"ધન્ય ધન્ય રાણક" કહે રાજા, "તેં અમૃત રસ પાયોરે.
પ્રેમભરેલાં વચન સુણીને; (ટેક).
સૂના આ સંસાર વિષે તું, સબળો સાથી મળીઓરે:
ભમતો જીવ હતો ભૂતળમાં, તે નિજ સ્થળમાં ઠરીઓરે. પ્રેમભરેલાં.
રાજકાજમાં સમજણ તારી, બહુ ઉપયોગી થાશેરે,

ડહાપણ તારૂં પેખી તુજને, સર્વ પ્રજા ચિત્ત ચહાશેરે. પ્રેમભરેલાં.
કાલ દેહલને મોકલી તારાં, માત પિતા સમજાવુંરે;
ઘડીયાંલગ્ન લઇ હું તુજને, મહેલ પ્રવેશ કરાવુંરે. પ્રેમભરેલાં.
તારે માટે ગઢમાં જઇને, શહેર બધું શણગારૂંરે;
કદળી વનની શોભા સાથે, મંડપ એક રચાવુંરે. પ્રેમભરેલાં.
ચારૂ ચોરી તેમાં બાંધી; બાંહ્ય ગ્રહું હું તારીરે;
ક્ષોભ રખે પામે રાણુકડી, તું મુજ સમ અધિકારીરે. પ્રેમ ભરેલાં.
હલકી જાત વિષે પણ શાણી, સતિઓ નજર પડેછેરે;
ખાણોમાંથી રત્ન ખણી, નૃપ મુગટ વિષેજ મઢેછેરે." પ્રેમ ભરેલાં.
એવાં વચન વદે જ્યાં રાજા, એક રૂષિ ત્યાં આવ્યોરે;
વય ને તપમાં વૃદ્ધ જણાતો, રાજાને મન ભાવ્યોરે. પ્રેમભરેલાં.
વૃક્ષ ઘટામાં રહીને જોણે, સર્વ સુણી છે વાતોરે;
આશીર્વાદ વદી તે બ્રાહ્મણ; બોલે બહુ હરખાતોરે. પ્રેમભરેલાં.
ધન્ય ધન્ય રાજા ને રાણુક, ધર્માચરણ તમારૂંરે;
પ્રેમી હૃદય તમારાં પેખી, મન માન્યુંછે મહારૂંરે. પ્રેમભરેલાં.
રાણુક શરમે નીચું ન્યાળે વૃદ્ધ ગુરૂને પેખીરે;
રાજા જઇને નમન કરેછે, તિવ્ર તપસ્વી લેખીરે. પ્રેમભરેલાં.
વિપ્ર કહે હું યાત્રાવાસી શિક્ષક રાણુક કેરોરે;
ગુપ્ત ભેદ સમજાવા મુજને, પ્રભુએ અહીંયાં પ્રેર્યોરે. પ્રેમભરેલાં.
રાજા કહેછે "ભલે પધાર્યા, આ અવસર છે રૂડોરે;
હે સ્વામી સમજાવો મુજને, ભેદ હશે કંઇ ઉંડોરે." પ્રેમભરેલાં.
વળતો વિપ્ર કહે "હે રાજા, રાણુક રાજકુમારીરે;
પાળક માતપિતાને તે છે, પ્રાણથકી પણ પ્યારીરે. પ્રેમભરેલાં.
શેર રાય પંવાર પ્રતાપી, પાવર ભૂમિ પ્રદેશેરે;
તેની પુત્રી તમને વરતાં, રાણીનું પદ લેશેરે. પ્રેમભરેલાં.
જે પ્રભુ પય માને સ્તન પ્રેરે, શિશુનું પોષણ કરવારે;
તે કયમ ભૂલે રાણુક માટે, યોગ્યપતિ મોકલવારે." પ્રેમભરેલાં.

"ગોકુળીએ લઈ ચાલો રે" એ રાગ.

સત્ય રવી ઉગીયો વણુ માગ્યો,
વિરહ વનીતાને લાગ્યો રે. રૂષિએ ભેદ ભાગ્યો. (ટેક.)
રાણુક કહે ગુરૂ એવું ન ભાખો,
વહાલાં વછોડી ન નાંખો રે; રૂષિએ ભેદ.
જાત જરૂર કુંભારની મારી,
નહિ થાઉં રાજકુમારી રે. રૂષિએ ભેદ.
માતપિતા મને પ્રાણથી પ્યારાં,
કેમ કરી શકું ન્યારાં રે. રૂષિએ ભેદ.
ખેંગારને ખપ હોય જો મારો,
માતપિતાને ન ટાળો રે. રૂષિએ ભેદ.
ખેંગાર કહે રૂષને શિશ નામી,
સત્ય વદ્યા તમે સ્વામી રે. રૂષિએ ભેદ.
તોપણ જાતિનો ભેદ ન ભારે,
સર્વ સમાન છે મારે રે. રૂષિએ ભેદ.
રત્નને કો કદિ પથ્થર કહેશે,
તેજ તો તેવુંજ રહેશે રે. રૂષિએ ભેદ.
રૂપ ગુણ રાણુકના કરી જોયા,
કોદી' જશે નહિ ધોયા રે. રૂષિએ ભેદ.
ઇશ કૃપાથી છે અવસર આવ્યો,
રાણક ગઢ લઇ આવો રે. રૂષિએ ભેદ.
ત્યારે રૂષિ કહે મંગળ થાશે,
લગ્ન સમે રહું પાસે રે. રૂષિએ ભેદ.
મંગળ લગ્ન પછી નિર્ધાર્યાં,
પ્રેમે મળી ઘેર ચાલ્યાં રે. રૂષિએ ભેદ.

વાભાઇનો ખેલ.

રાગ ઉપર પ્રમાણે.

એક દિન વા બહુ ગર્વે ભરાયો,
ધાંધળ કરવાને ધાયોરે. વાએ ખેલ મચાવ્યો. (ટેક)
પહેલાં તો તે દરીઆભણી દોડચો,
વહાણ તણો શઢ તોડચોરે, વાએ ખેલ.
ભોળા ઉતારૂને ભયભીત કીધા,
કઇકતણા ભોગ લીધારે. વાએ ખેલ.
ત્યાંથી પછી ગામડા ભણી ધાયો,
ચોરા ઉપર ચઢી આવ્યોરે. વાએ ખેલ.
ચોરેથી ચલમ પટેલની પાડી,
માથેથી પાઘ ઉરાડીરે. વાએ ખેલ.
હાથ બેડું ધરી ઘુંઘટ તાણી,
પટલાણી જાય છે પાણીરે. વાએ ખેલ.
ઘુંઘટ પેસતાં વા નવ લાજ્યો,
કાનમાં પેસીને ગાજ્યોરે. વાએ ખેલ.
રેંટીઓ કાતતી ડોસીને દેખી,
વાયુએ તૃણવત્ લેખીરે. વાએ ખેલ.
સૂતર તોડચું ને પૂણી ઉરાડી,
ડોસી ઉઠી રાઢ પાડીરે. વાએ ખેલ.
સૂર્ય કહે ભાઇ બળીઆથી લઢીએ,
નિર્બળને નવ નડીએરે. વાએ ખેલ.
વાયુ પછી વડા શહેરમાં આવ્યો,
રાજાનો મહેલ હલાવ્યોરે. વાએ ખેલ.
તોડચું નિશાન અને ભુર ભાખે,
"ધરતી ધ્રુજે મુજ હાકેરે. વાએ ખેલ.

પહાડ ને પર્વત નાંખું હલાવી,
આકાશ મુકું ગજાવીરે." વાએ ખેલ.
સૂર્ય કહે એવું વદીએ ન ભાઇ,
મિથ્યા ન કરીએ બડાઇરે. વાએ ખેલ.
સુણતાંજ સૂર્યને ધૂળથી ઢાંકયો,
પાણી છલો કરી નાંખ્યોરે. વાએ ખેલ.
ગર્વ ધરી પહાડ તોડવા દોડયો,
પર્વતે વાયુને ઓડયોરે. વાએ ખેલ.
મારે ઝપાટાને પાડે બરાડા,
સ્થિર થઈ ઉભા કરાડારે. વાએ ખેલ.
જોર કર્યું પણ કંઇ નવ ચાલ્યું,
શિખર હલાવ્યું ન હાલ્યુંરે. વાએ ખેલ.
થાકીને વા પછી ગલીઓમાં ધાયો,
ખાડા ને ખોમાં ભરાયોરે. વાએ ખેલ.
આગળ જાવાનો રસ્તો ન સૂઝે,
વાયુ તો થરથર ધ્રુજેરે. વાએ ખેલ.
ઉંચે ચઢે વળી ઉતરે હેઠો,
થાકી ગુફામાંહી પેઠોરે. વાએ ખેલ.
શોધતો આવી ચઢયો રવિ શાણો,
વાને ગુફામાંથી આણ્યોરે. વાએ ખેલ.
વંઠેલા વાયુને ઊધડો લીધો,
પાણીથી પાતળો કીધોરે. વાએ ખેલ.

મેવાડનો રાણો રાયમલ.

"વૈદરભી વનમાં વલવલે"—એ રાગ.

રાયમલ રાણો મેવાડનો, જેનો નિર્મળ ન્યાય;

રજપૂત મધ્યે શીરોમણી, જશ જગમાં ગવાય.
રાયમલ રાણો મેવાડનો. (ટેક)
ટુક ટોડે કરે તે સમે, રાય સુરતન રાજ;
લિલા પઠાણે હરાવીને, તેનું લીધું છે તાજ. રાયમલ રાણો.
સુરતન નાસીને આવીઓ, રહ્યો બેદનુર ગામ;
મેવાડમાં મશહુર છે, રજપૂતનું ઠામ. રાયમલ રાણો.
સુરતન ઘેર કુમારિકા, રૂડી રૂપ નિધાન;
તારા છે નામ તથાપિ તે, શશી પૂર્ણ સમાન. રાયમલ રાણો.
સુરતને પણ એક આચર્યું, "જીતે ટોડાનું રાજ્ય;
તારા કુમારી તેને વરે, નહીં બીજાનું કાજ." રાયમલ રાણો.
રાયમલ સુત જયમલ કહે, "એતો મારૂંજ કામ;
લિલા પઠાણને મારીને, કરૂં ટોડે મુકામ." રાયમલ રાણો.
રજપૂત સેન લઇ ચઢ્યો, કર્યું ટોડે પ્રયાણ;
પાછો પઠાણે નસાડીઓ, ખાલી ખોયું છે માન. રાયમલ રાણો.
રજપૂત સાચો તો શરમથી, નવ દેખાડે મુખ;
કન્યાની આશ ખરે તજી, આઘો બેસે અચૂક. રાયમલ રાણો.
પણ જયમલ નવ જંપીઓ, લીધી તારાની પુઠ;
ન્યાયે મળ્યું નહિ તે હવે, લેવા મારીને ઝુંટ. રાયમલ રાણો.
સુરતને સામો ખરેખરો, સાચો તે રજપૂત;
પણ તેનું કેમ પાછું ફરે, શીર આપે સપૂત. રાયમલ રાણો.
જયમલને સમજાવીઓ, નવ સમજ્યો નપાટ;
સુરતને શીર તેનું છેદીયું, પણ પાળવા માટ. રાયમલ રાણો.
સર્વે કહે હવે શું થશે, બહુ કોપશે રાય;
રાયમલ રોળીને મારશે, સુરતનનેજ હાય!! રાયમલ રાણો.
રાયમલને ન કહી શકે, રૂડો રજપૂત કોઇ;
ભાયાત સહુ ભયમાં રહે, ભવ્ય ભૂપને જોઇ. રાયમલ રાણો.
બાપ કને બાળ મોકલી, અંતે જણાવ્યું છે જાણ;

રાયમલે શોચ કર્યા છતાં, કીધો ન્યાય પ્રમાણ. રાયમલ્લ રાણો.
રાયમલ્લ કહે ઘટતુ થયું, એમાં પુત્રનો વાંક;
રજપૂતની રીત પરહરી, વાળ્યો આડો જ આંક. રાયમલ રાણો.
સુરતને નીજ પણ રાખીયું, ખરો રજપૂત તેહ;
બેદનુર આપ્યું બક્ષીસમાં, સાચો જણ્યોછે સ્નેહ. રાયમલ્લ રાણો
વળતી કુંવર બીજો રાયનો, પૃથ્વીરાજ પ્રમાણ;
ધાયો તે ટોડાને જીતવા, થયું તારાને જાણ. રાયમલ્લ રાણો.
તારા પછીથી જુધ્ધે ચઢી, પૃથ્વીરાજની સાથ;
સેન સજી ટોડા જીતીયું, કરી લિલ્લાની ઘાત. રાયમલ્લ રાણો.
લગ્ન થયાં પૃથ્વીરાજનાં, પછી તારાની સાથ;
રીત કરી રજપૂતની, રીઝયો તારાનો તાત. રાયમલ્લ રાણો.
રાયમલ્લ પણ સુખીઓ થયો, સુણી વાત સુજાણ;
જયમલે નવ થયું તે કર્યું, પૃથ્વીરાજે પ્રમાણ. રાયમલ્લ રાણો.

રાણી રૂપસુંદરી.

ગરબી.

"મોરલી વાગીરે શ્રી કૃષ્ણની" એ રાગ.

વનમાં વસે એક સુંદરી,
હાંરે એનું રંભા સમું છે રૂપ રાજતું,
હાંરે એને રાનનું રેહઠાણ નથી છાજતું. હોજીરે વનમાં વસે
એક સુંદરી. (ટેક).

હાંરે વિધુ વેશે ફરે છે રંગ રાતડી,
હાંરે કોણ કળી શકે છે એની જાતડી? હોજીરે વનમાં.
હાંરે એનું મુખ કમળ કરમાયલું,
હાંરે એનુ વપુ વિષાદથી વિંટાયલું. હોજીરે વનમાં.
હાંરે એની સેવા કરેછે સહુ ભીલડી,

હાંરે નથી વ્હોલી તે મુકતી એકે ઘડી. હોજીરે વનમાં.
હાંરે રૂડી ઝાડની ગુફામાં રચી ઝુંપડી,
હાંરે ભીંત દીપાવી સીપ સંખલે જડી. હોજીરે વનમાં.
હાંરે જુઓ ઝાડે બાંધ્યું છે પેલું પારણું,
હાંરે માંહે બાળ રમે છે રળીઆમણું. હોજીરે વનમાં.
હાંરે એને ભાલે રવીનું તેજ ઝગઝગે,
હાંરે એનો ચ્હેરો તો પારણામાં ચગચગે. હોજીરે વનમાં.
હાંરે ભીલ છોરૂ છે બાળને ઝુલાવતાં,
હાંરે એનું મુખડું જોવાને સહુ આવતાં. હોજીરે વનમાં.
હાંરે છોરૂ વનમાંથી ફુલ વીણી લાવતાં,
હાંરે કરી હારડાને બાળને પહેરાવતાં. હોજીરે વનમાં.
હાંરે કોઇ બાળા ચનોઠી એકઠી કરે,
હાંરે તેની માળા કરીને કંઠમાં ધરે. હોજીરે વનમાં.
હાંરે નારી બાળને રમાડી કરે ઓકીઓ,
હાંરે ભીલ ચારે બાજુએ કરે ચોકીઓ. હોજીરે વનમાં.
હાંરે એતે કોનો કુંવર છે કોડામણો ?
હાંરે એતો દૈવની ગતિથી દીસે દામણો. હોજીરે વનમાં.
હાંરે ત્યાં તો શીલગુણસુરીજી સાધુ આવીઆ,
હાંરે જોઇ કુંવરનું રૂપને ખુશી થયા. હોજીરે વનમાં.
હાંરે તેણે ચિન્હ જોયાં તે ચતુરાતણાં,
હાંરે રૂપ રેખા ને ભાલ પેખ્યાં બાળનાં. હોજીરે વનમાં.
હાંરે એ તો ન્હોય કોળી, છે બાળ કેસરી,
હાંરે એ તો વનરાજ વીર છે વાલેસરી. હોજીરે વનમાં.
હાંરે પછી બોલ્યા જતીજી સુણ હે સતી,
હાંરે થાશે બાળ પ્રતાપી પૃથવીપતિ. હોજીરે વનમાં,
હાંરે એવાં સારાં વચન સુણી માવડી,

હાંરે પેલા સાધુને વંદિને પગે પડી. હોજીરે વનમાં.
હાંરે પછી સાધુ દિલાસો દેઇ નીસર્યા;
હાંરે જઇ વનનાં વાસીને નથી વીસર્યા. હોજીરે વનમાં.
હાંરે હવે માતા ઝુલાવે પુત્ર પારણે,
હાંરે મુખ પેખીને જાયછે ઓવારણે. હોજીરે વનમાં.
હાંરે મારા ગોકુળની ગાયનો ગોવાળીઓ,
હાંરે મારી ગુર્જર વાડીનો એ તો માળીડો. હોજીરે વનમાં.
હાંરે મારી ગુર્જરનો ગર્થ છે આ બાળમાં,
હાંરે મારીસઘળી આશા છે એના ભાલમાં. હોજીરે વનમાં.
હાંરે મારો કુંવર થશે જો પૃથ્વીપતિ,
હાંરે એવા શોધી જમાડું સેંકડો જતી. હોજીરે વનમાં.
હાંરે એમ કરતાં વરસ કઇ વહી ગયાં,
હાંરે પેલા બાળકનાં બાણુ વધતાં ગયાં. હોજીરે વનમાં.
હાંરે લેઇ કામઠી ને તીર કુંવર નીસરે,
હાંરે પેલા ભુવડના લોકને કાયર કરે. હોજીરે વનમાં.
હાંરે ધન લાવી દુખીનાં દુખ ટાળતો,
હાંરે વનવાસી અપંગને તે પાળતો. હોજીરે વનમાં.
હાંરે આખા વનના તે ભીલને ભેગા કરે,
હાંરે પછી માંડી નિશાન ખેલ આદરે. હોજીરે વનમાં.
હાંરે જેનો ચાંદ્દો વીંધીને તીર નીસરે,
હાંરે તેને આપી ઇનામને ખુશી કરે. હોજીરે વનમાં.
હાંરે એવાં વગડાનાં રાજ વીરે માંડીઆં,
હાંરે પછી કૂડ કપટ છળ છાંડીઆં. હોજીરે વનમાં.
હાંરે હવે નીતિ ને ન્યાય કુંવર આચરે,
હાંરે માની શિક્ષા પ્રમાણે ડગલાં ભરે. હોજીરે વનમાં.
હાંરે માને એક દિવસ સુખ સાંભર્યાં;

હાંરે માની આંખડીમાં આવીને આંસુ ઠર્યા. હોજીરે વનમાં.
હાંરે ત્યારે પુછે કુંવર કરી વીનતિ;
હાંરે માતા શાને રડોછો, મને કહો કથી. હોજીરે વનમાં.
હાંરે ત્યારે માએ માંડીને કહી વાતડી;
હાંરે કુંવર સુખડાં સંભારી બળે છાતડી, હોજીરે વનમાં.
હાંરે તારા પિતાનું રાજ તો પંચાસરે;
હાંરે હતી ગુર્જર ભૂમિતો એને આશરે. હોજીરે વનમાં.
હાંરે પછી શત્રુ સોળંકીએ હુલ્લા કર્યા;
હાંરે ત્યારે પોતે લઢીને સ્વર્ગ સંચર્યા. હોજીરે વનમાં.
હાંરે અમે રાજ મૂકીને વન આવીઆં;
હાંરે અમને વેરીએ બહુજ સતાવીઆં. હોજીરે વનમાં.
હાંરે મારો શુરપાળ વીર વખુટો પડયો;
હાંરે તેનો પત્તો હજુએ કંઇ ના જડયો. હોજીરે વનમાં.
હાંરે બીરા સ્નેહી સગાંતો બહુ સાંભરે;
હાંરે મારાં વહાલાં મળે તો હઇડાં ઠરે. હોજીરે વનમાં.
હાંરે એક વહાલાં વિયોગ દેહને દમે;
હાંરે પેલા વેરી વિકાળ શીરપર ભમે. હોજીરે વનમાં.
હાંરે એમ બ્હીતા રહ્યે કાળ કયમ જશે?
હાંરે મને સૂઝે નહીં કે હવે શું થશે? હોજીરે વનમાં.
હાંરે એમ કહેતાંજ રાંકડી રડી પડી;
હાંરે વદે વનરાજ "શાંત થાઓ માવડી. હોજીરે વનમાં.
હાંરે કાલે શત્રુને શોધીને પુરા કરૂં;
હાંરે મારા તાતની ભુમિનું અભરે ભરૂં. હોજીરે વનમાં.
હાંરે હવે ગુર્જર ગુણીની સેવા આદરૂં;
હાંરે મળી સ્નેહીને કોડ હું પુરા કરૂં. હોજીરે વનમાં.
હાંરે માતા ભીલ ભાઇઓને કરૂં સોંપણી;
હાંરે રાખે માની સેવામાં કાળજી ઘણી. હોજીરે વનમાં.

હાંરે મારા સ્નેહી ને મિત્રને ભેગા કરૂં;
હાંરે પછી આજ્ઞા લઇને વન સંચરૂ. હોજીરે વનમાં.
હાંરે મારા તાત કેરૂં રાજ મેળવું સહી;
હાંરે અહીં બેસી રહ્યે તે બનશે નહી." હોજીરે વનમાં.
હાંરે પછી વનરાજે ભીલને ભેગા કર્યા;
હાંરે લેઇ કામઠીને તીર સહુ ઉતર્યા. હોજીરે વનમાં.
હાંરે પછી વનરાજ વીર કહે "વાલેસરી;
હાંરે તમે ભલી કરી છે મારી ચાકરી. હોજીરે વનમાં.
હાંરે મને પ્રભુ પિતાનું રાજ આપશે;
હાંરે મને ગુર્જરનો ભૂપ કરી સ્થાપશે. હોજીરે વનમાં.
હાંરે ત્યારે તમને સંબંધી સબળા ગણી;
હાંરે સહુ પહેલા કરીશ ગામના ધણી. હોજીરે વનમાં.
હાંરે હવે અમે વિજય માટે વાધીશું;
હાંરે મળી સ્નેહીને શુભ કામ સાધીશું. હોજીરે વનમાં.
હાંરે સેન ભેગું કરીને ફરી આવીશું;
હાંરે તમને લડવાને જંગમાં બોલાવીશું." હોજીરે વનમાં.
હાંરે સુણી એવાં વચન ભીલ ગાજીઆ;
હાંરે વીર હાક પડીને ઢોલ વાગીઆ. હોજીરે વનમાં.
હાંરે પછી વનરાજે શાંત સહુને કર્યા;
હાંરે વીર માને બતાવી એમ ઉચર્યા. હોજીરે વનમાં.
"હાંરે આ છે માતા તમારાં, તમે છોકરાં;
હાંરે આજ સગાં સંબંધી સહુ છે પરાં. હોજીરે વનમાં.
હાંરે કરી સારી સેવા ને સુખીઆ થજો;
હાંરે ભય આવી પડે તો દૂર રાખજો. હોજીરે વનમાં.
હાંરે કદી આવે લેવાને જૈન આશરે,
હાંરે માને મૂકો સુરીને અપાશરે." હોજીરે વનમાં.

હાંરે ત્યારે બીજે ભલાઇ બહુ વાપરી,
હાંરે કહે "રૂડી કરીશું માની ચાકરી. હોજીરે વનમાં.
હાંરે માની ચીંતા કરોને વીર વેગળી;
હાંરે અમો છોરૂને રૂપ માવડી મળી." હોજીરે વનમાં.
હાંરે ત્યારે માતા ગભરાઇ ગળગળાં થયાં;
હાંરે માની પ્રેમી આંખેથી આંસુડાં વહ્યાં. હોજીરે વનમાં.
હાંરે બોલે માતાજી છેક અધીરાં થઇ;
"હાંરે મારી શુદ્ધિ ને સાન આતે ક્યાં ગઇ? હોજીરે વનમાં.
હાંરે મારા પ્રાણથી હું દેહ કરૂં વેગળી;
હાંરે મારી બુદ્ધિએ આજ મુજને છળી. હોજીરે વનમાં.
હાંરે કુંવર અંધ અપંગ કેરી લાકડી;
હાંરે તમને પેખી ઠરે છે મારી આંખડી. હોજીરે વનમાં.
હાંરે સાંજે વાટ જોઉં કે વીર આવશે;
હાંરે મુજ દુખીઅણના તાપને સમાવશે. હોજીરે વનમાં.
હાંરે હવે સાંજે તમારે આવવાં નથી;
હાંરે ઝાળ લાગે છે એટલા વિચારથી. હોજીરે વનમાં.
હાંરે કુંવર દિન અમારા કેમ નીકળશે;
હાંરે મારા ટળવળીને પ્રાણ નીકળી જશે. હોજીરે વનમાં.
હાંરે કુંવર શત્રુ તમોને શોધતા ફરે;
હાંરે તમને રખે અભાગીઆ આવી મળે." હોજીરે વનમાં.
હાંરે ત્યારે વનરાજ વીર એમ ઉચર્યા;
"હાંરે માતા ભલે અમોને જાગતા કર્યા. હોજીરે વનમાં.
હાંરે તમે સાચા રજપૂતનાં છો માવડી;
હાંરે કળા સિંહને જગાડવાની આવડી. હોજીરે વનમાં.
હાંરે માતા દુખડાંનો અંત હવે આવીઓ;
હાંરે હવે જાણો કે જંગ જગાવીઓ. હોજીરે વનમાં.
હાંરે જ્યારે શત્રુનાં જુથ શીર ગાજતાં;

હાંરે ત્યારે છુપાં રહેવા તો નથી છાજતાં. હોજીરે વનમાં.
હાંરે અમે રજપૂત સુત, બાળ કેસરી;
હાંરે અમે જુથથી જરા ન જઇએ ડરી. હોજીરે વનમાં.
હાંરે અમે ખડ્ગ ધર્યું કે ખરા રાજવી;
હાંરે ભૂમિ કામઠીને તીરની છે આગવી." હોજીરે વનમાં.
હાંરે ત્યારે માતા વદેછેઃ—"ધન્ય દીકરા;
હાંરે આજ જાણું કે કોડ તેં પુરા કર્યા. હોજીરે વનમાં.
હાંરે તારાં તાત કેરાં કૂળને તેં તારીઆં;
હાંરે મારાં દુખડાંને આજ મેં વિસારીઆં." હોજીરે વનમાં.
હાંરે પછી ભાવે સુભોજન કરાવીઆં;
હાંરે શુભ કંકુને પુષ્પ ત્યાં અણાવીઆં. હોજીરે વનમાં.
હાંરે પછી કંકુ અક્ષત ભાલમાં ધરી,
હાંરે ફુલ નાંખી કહે "આવજો ફત્તે કરી. હોજીરે વનમાં.
હાંરે વીરા પ્રભુ પ્રતાપ તેજ આપશે;
હાંરે તને ગુર્જરનો ભૂપ કરી સ્થાપશે." હોજીરે વનમાં.
હાંરે માને વનરાજ વીર ત્યાં પાયે પડ્યા;
હાંરે માએ આપી આશીષ ને ઉઠાડીઆ. હોજીરે વનમાં.
હાંરે પછી સઘળા સપૂત ત્યાંથી સંચર્યા;
હાંરે દશ બળીઆ બાણાવળી સાથે થયા. હોજીરે વનમાં.
હાંરે માતા વનમાં વસીને દિન નિર્ગમે;
હાંરે ઇશભક્તિ કરીને ઉરમાં શમે. હોજીરે વનમાં.

સમાપ્ત.

